

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



HRI ATMANAND PRAKASH



તીર્થાધિરાજ શ્રી શત્રુંજય તીર્થ

પુસ્તક ૫૩
અંક ૭ મો

પ્રકાશક:-
શ્રી જૈન આત્માનંદ સભા
ભાવનગર.

મહા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. સમકિતના સ્વરૂપની યાચના ... ... ... ... ... | ( પાદરાકર ) | ૯૭ |
| ૨. ' મેચક ' તે શું ? ... ... ... ... | ( હીરાલાલ રસિકલાલ કાપડિયા ) | ૯૮ |
| ૩. તો જૈન સંસ્કૃતિનો સુંદર પ્રચાર થાય ? ... ... ... | ( હરિલાલ દેવચંદ શેઠ ) | ૧૦૦ |
| ૪. પાલ્હનપુર અને પલ્લવિહાર કયારે અને કોણે સ્થાપ્યાં ? ... ... | ( વૈદ્ય વિશ્વબંધુ ) | ૧૦૫ |
| ૫. વિશ્વાસ રાખો ... ... ... ... ... ... | ( અમરચંદ માવજી શાહ ) | ૧૦૭ |
| ૬. આનંદપ્રાપ્તિના માર્ગો ... ... ... ... | ( અનુ. વિઠ્ઠલદાસ મૂ. શાહ ) | ૧૧૦ |
| ૭. વર્તમાન સમાચાર ... ... ... ... ... ... ... | | ટા. પે. ૩ |



**ફરી નહીં છપાવવામાં આવતા બે અમૂલ્ય ગ્રંથો મળી શકશે માટે મંગાવો.**

## ૧ શ્રી કલ્પસૂત્ર ( બારસા ) મૂળ પાઠ.

દર વર્ષે પર્યુષણ પર્વમાં અને સંવત્સરી દિને પૂજ્ય મુનિ મહારાજાઓ વાંચી ચતુર્વિધ સંઘને સંભળાવે છે જેનો અપૂર્વ મહિમા છે, તે શાસ્ત્રી મોટા ટાઇપમાં પ્રતાકારે સુંદર અક્ષરોથી અને સુશોભિત પાટલીસહિત છે, જેથી પૂજ્ય મુનિમહારાજા કે જ્ઞાનભંડાર, લાઇબ્રેરી કે જૈન બંધુઓને જોઇએ તેમણે મંગાવી લેવા નમ્ર સૂચના છે. કિં. રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

**૨ સજ્ઝાયમાળા**—શાસ્ત્રી શુદ્ધ રીતે મોટા અક્ષરોથી છપાયેલ, શ્રી પૂર્વાચાર્ય-અનેક જૈન પંડિતો વિરચિત, વિવિધ વિષયક વૈરાગ્યાદિ રસોત્પાદક, આત્માને આનંદ આપનાર ૧૩ મા સૈકાથી અઢારમા સૈકા સુધીમાં થઇ ગયેલા પૂજ્ય આચાર્યદેવો અને પંડિત મુનિમહારાજાએ રચેલ સજ્ઝાયનો સંગ્રહ આ ગ્રંથમાં આવેલો છે, કે જે વાંચતા મહાપુરુષોના ચારિત્રની ઘટના આપણી પૂર્વની જાહોજલાલી, અને વાચકને વૈરાગ્યવૃત્તિ તરફ દોરે છે. પચાસ ફોર્મ ૪૦૮ પાનાનો સુંદર કાગળો શાસ્ત્રી મોટા ટાઇપો, અને પાકા બાઇંડીંગથી અલંકૃત કરેલ છે. કિંમત રૂા. ૪-૮-૦ પોસ્ટેજ જુદું. માત્ર જુજ કોપી સિલિકે રહી છે.

**નમ્ર સૂચના.**

**બૃહત્કલ્પસૂત્ર** છઠ્ઠો ભાગ હાલમાં પ્રસિદ્ધ થયો છે, પરંતુ આગલા કેટલાક ભાગોનું વેચાણ ઘણા વખત પહેલાં થયેલું હોવાથી, છ ભાગો તૂટક થયા છે, અને છએ ભાગ પૂરતા નહિં મેળવનાર અથવા બીલકુલ નહિં મેળવનારા અનેક મુનિરાજો, જ્ઞાનભંડારો, બપી આત્માઓના પૂરતા ભાગ મેળવવા માટે સભા ઉપર અનેક પત્રો આવવાથી, અમોએ અન્ય સ્થળેથી ખૂટતા આગલા ૨-૩-૪-૫ ભાગો મેળવીને હાલમાં થોડા આખા સેટો એકઠા કર્યા છે, અને તેની નકલો પણ ઘણી થોડી છે, જેથી જોઇએ તેમણે મંગાવવા નમ્ર સૂચના છે. કિંમત ૨-૩-૪-૫ દરેક ભાગના પંદર, પંદર રૂપિયા અને છઠ્ઠા ભાગના સોળ રૂપિયા ( પોસ્ટેજ જુદું ). કમીશન ટકા ૧૨॥.

લખો :—**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

વીર સં. ૨૪૮૨ | મહા | પુસ્તક ૫૩ મું.
વિક્રમ સં. ૨૦૧૨ | | અંક ૭ મો

# સમકિત સ્વરૂપની યાચના

( રાગ—ઋષભ જિણંદશું પ્રીતડી )

સમકિત સદ્દહણા નહિં, તે તો રઝળે રે ગતિ ચાર નિશંક !
આગમ વયણે જાણીયે, એક તરશે રે શુદ્ધ સમકિતવંત ! સમકિત૦

ત્રસ–થાવર કરુણા કરે, જીવ એકકે નવ દુહવે મતિમંદ !
સામાયક ત્રણ કાળનાં, શુદ્ધ ઉપયોગ રે ન લહે મતિમંદ ! સમકિત૦

માયા–મૃષા નીવારતા, ચોરી–જારી રે ત્યજે વ્યવહારવંત !
વ્યવહારે અતિ નિપુણતા, અંતરદૃષ્ટિ રે નવ કેમે લહંત ! સમકિત૦

હાથ ઊંચા, ઊંધા મસ્તકે, ભસ્મ રગડે રે ભલે અંગે અંગ !
જટા ધરે, મુંડન કરે, વિણ શ્રદ્ધા રે ભટકે બની અંધ ! સમકિત૦

નિજ–પર નારી ભલે ત્યજે, બ્રહ્મચારી રે બને બાળી અનંગ !
સ્વર્ગાદિક સુખ મેળવે, કેમ પામે રે નિજ આતમ રંગ ! સમકિત૦

ત્યાગ, ક્રિયા, પરિસહ સહી, ભલે ધારે રે દ્રવ્ય લિંગ–અસંગ !
એ તો અનંતી વેળા કર્યાં, નવ પામ્યા રે આત્મરૂપ અભંગ ! સમકિત૦

આતમજ્ઞાનનું ફળ મહા, અતિ ઉજ્વળ રે સમકિત સુખકંદ !
સુખ અવ્યાબાધ મોક્ષનાં, પામે આતમ રે એક સમકિતવંત ! સમકિત૦

રાત્રિ–દિવસ શ્વાસોશ્વાસમાં, મને શરણું રે હોજો સમકિત–સંત !
સમકિત તરસ્યો પ્રભુ સ્તવે, ' મણિ ' કરજો રે શુદ્ધ સમકિતવંત ! સમકિત૦

—પાદરાકર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'મેચક' તે શું ?

( લે:—પ્રો. **હીરાલાલ રસિકદાસ કાપડિયા** એમ. એ. )

'મેચક' એ સંસ્કૃત ભાષાનો અનેકાર્થી શબ્દ છે. એ નામ તેમ જ વિશેષણ એમ ઉભયસ્વરૂપી છે. નામ તરીકે મેચકના વિવિધ અર્થ નીચે મુજબ છેઃ-

શ્યામતા, ચંદ્રક યાને મોરના પીંછા ઉપરની ટીલડી ( ચાંદો ), ધૂમાડો, વાદળ, સરગવો ( એક જાતનું ઝાડ, ) સ્રોતાંજન, નીલાંજન અને એક જાતનું રત્ન.

વિશેષણરૂપ મેચકનો અર્થ કાળું-કાળા રંગનું છે, એ હકીકત [1]**અમરકોશ** ( કાંડ ૧, શ્લો. ૧૪ ) વગેરેના આધારે જાણી શકાય છે.

**અભિધાનચિન્તામણિ** ( કાંડ ૪, શ્લોક ૩૮૬ ) માં 'મેચક'નો ઉપર મુજબ 'ચન્દ્રક' એટલો એક જ અર્થ અપાયો છે, એની સ્વોપજ્ઞ વિવૃતિ( પૃ. ૫૩૧ )માં એને અંગે નીચે મુજબ ઉલ્લેખ છેઃ—

"**मेचको मिश्रवर्णत्वात्, यत् कात्यः- 'बर्हिकण्ठसमं वर्णं मेचकं ब्रुवते बुधाः' इति।**"

આમ અહીં 'મેચક' ચિત્ર-વિચિત્ર વર્ણવાળો હોય છે એ વાત દર્શાવાઇ છે. વિશેષમાં કાત્યના કથન મુજબ મેચક મોરના કંઠના સમાન વર્ણવાળો હોય છે.

ઉપર્યુક્ત **અભિધાનચિન્તામણિ**( કાંડ ૬, શ્લો. ૩૩ )માં વિશેષણ રૂપ 'મેચક' નો અર્થ કાળો અપાયો છે. એની સ્વોપજ્ઞ વિવૃતિ( પૃ. ૫૬૦ )-માં 'મેચક'ની નીચે મુજબ વ્યુત્પત્તિ-નિષ્પત્તિ દર્શાવાઇ છેઃ—

"**मचति-मिश्रीभवति मेचकः पुंक्लीबलिङ्गः। 'कीचक' ( उणा-३३ ) इत्यके निपात्यते**"

આ ઉપરથી જાણી શકાય છે કે 'મચ્' ધાતુ ઉપરથી 'મેચક' શબ્દ ઉદ્ભવ્યો છે. 'મચ્' ધાતુનો અર્થ 'મિશ્ર થવું' એમ થાય છે.

અહીં ( પૃ. ૫૬૦ ) નીચે મુજબ ઉલ્લેખ છેઃ-

"**मेचकः शिखिकण्ठाभः' इति दुर्गः।**"

આમ દુર્ગના મતે પણ મેચકનો રંગ મોરના કંઠ જેવો છે.

"કાળું-કાળા રંગનું" એ અર્થમાં 'મેચક' શબ્દ **મેઘદૂત**( પૂર્વમેઘ, શ્લો. ૫૯ )માં વપરાયો છે. પ્રસ્તુત પંક્તિ નીચે મુજબ છેઃ—

"**अंसन्यस्ते सति हलभृतो मेचके वाससीव**"

વળી 'કાળું' એ અર્થમાં **ગઉડવહ**( શ્લો. ૩૩૬ ) માં 'મેઅય' એવો પાઇય શબ્દ છે. આથી એ જાણી શકાય છે કે 'મેચક' નું પાઇય સમીકરણ 'મેઅય' છે.

બૌદ્ધોના **વિસુદ્ધિમગ્ગ**નું સ્મરણ કરાવનાર આકર-ગ્રંથ નામે **વિસેસાવસ્સયભાસમાં** ગણધરવાદનું નિરૂપણ છે. નવમા ગણધર અચલભ્રાતાને પુણ્ય અને પાપ હોવા વિષે શંકા હતી. એને અંગે ચાર અજૈન મતો ગા. ૧૯૦૮ માં રજૂ કરાયા છે. એમાંના એક વિકલ્પના વિવરણરૂપે 'મલધારી' હેમચન્દ્રસૂરિએ આ **વિસેસાવસ્સયભાસ**ની બૃહદ્ વૃત્તિ( પત્ર ૭૯૨ )માં નીચે મુજબ નોંધ લેતાં એમાં "મેચકમણિ" વિષે ઉલ્લેખ કર્યો છેઃ—

"**उभयमप्यन्योन्यानुविद्धस्वरूपं मेचकमणिकल्पं संमिश्रसुखदुःखाख्यफलहेतुः साधारणं पुण्यपापाख्यमेकं वस्तु।**"

ગા. ૧૯૧૧ ના વિવરણમાં પણ આ સૂરિએ 'મેચક' મણિનો ઉલ્લેખ કર્યો છેઃ જુઓ પત્ર ૭૯૩.

ઉપર્યુક્ત અવતરણનો અર્થ એ છે કે-પુણ્ય અને પાપ એ બંને પરસ્પર અનુવિદ્ધ સ્વરૂપવાળા છે. એ પુણ્ય અને પાપ એવાં નામવાળી એક જ સાધારણ વસ્તુ

[1] આના દ્વિતીય કાંડના શ્લો. ૪૩ માં "**तिलकं तत्र मेचके**" એવો ઉલ્લેખ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. એ વસ્તુ (વિવિધ રંગવાળા) 'મેચક' મણિના જેવી છે. વળી એ મિશ્રિત સુખ અને દુઃખ નામના ફળનું કારણ છે.

**વિસેસાવસ્સયભાસ**–ઉપર એના કર્તા **જિન**ભદ્રગણિ ક્ષમાશ્રમણે સંક્ષિપ્ત વૃત્તિ રચવા માંડી હતી, પણ તે ૧૮૬૩ મી ગાથા સુધી જ રચાઇ શકી. ત્યાર બાદ એમનો સ્વર્ગવાસ થતાં કોટ્ટાર્યવાદિગણિએ એ પૂર્ણ કરી. આ દ્વિકર્તૃક વૃત્તિ અત્યારે તો અપ્રસિદ્ધ છે એટલે એમાં મેચકમણિ વિષે કોઇ ઉલ્લેખ હોય તો તેની નોંધ લેવી બાકી રહે છે.

કોટ્યાચાર્યે પણ આ **વિસેસાવસ્સયભાસ** ઉપર સંસ્કૃતમાં વૃત્તિ રચી છે અને એ તો પ્રકાશિત છે, એમાં પુણ્ય અને પાપને અંગે મતાંતરો ભાગ ૨ ના પત્ર ૫૭૫ માં નોંધાયા છે, પરંતુ એમાં કે પત્ર ૫૭૬માં 'મેચકમણિ' વિષે ઉલ્લેખ નથી.

'કલિકાલસર્વજ્ઞ' **હેમ**ચન્દ્રસૂરિએ **વીતરાગસ્તોત્ર**ના આઠમા પ્રકાશના નિમ્નલિખિત સાતમા પદ્યમાં 'મેચક' નો ઉલ્લેખ કર્યો છે.

**"द्रयं विरुद्धं नैकत्रासत्प्रमाणप्रसिद्धितः ।**
**विरुद्धवर्णयोगो हि दृष्टो मेचकवस्तुषु ॥७॥"**

આના ઉપરના પ્રભાનંદસૂરિના વિવરણ (પત્ર ૮૧) માં '**मेचकवस्तुषु-मिश्रवर्णपदार्थेषु**' એવું સ્પષ્ટીકરણ છે. આથી 'મેચક' એ કોઇ મિશ્રવર્ણવાળી વસ્તુ છે એમ જાણી શકાય છે.

આ વિવરણની સાથે સાથે છપાયેલી **સોમો**દયગણિ કૃત અવચૂર્ણિ (પત્ર ૮૨)માં **मेचकेषु-शबलेषु वस्तुषु-पटादिषु**" એવો ઉલ્લેખ છે. આમ અહીં 'મેચક' એટલે 'શબલ' એમ કહ્યું છે.

**પ્રાદેશિક ભાષામાં ઉલ્લેખ**–"મેચકમણિ" એવો ઉલ્લેખ કઇ કઇ પ્રાદેશિક ભાષામાં કયારથી જોવાય છે એનો અંતિમ ઉત્તર આપવા માટે મારી પાસે સમુચિત સાધન નથી. આથી અત્યારે તો **જૈન તત્ત્વાદર્શ** (પૃ. ૩૮૧, પંચમ સંસ્કરણ) ગત નિમ્નલિખિત પંક્તિ કે જેમાં "**મેચક મણિ**" વિષે ઉલ્લેખ છે તે હું રજૂ કરું છું.–

**"तथा कोई एक कहते है कि पाप पुण्य दोनों आपस में अनुविद्ध स्वरूप हैं, 'मेचकमणि' सरीखे, मिश्र सुख दुःख फल के हेतु हैं।"**

ઉપર્યુક્ત **જૈન તત્ત્વાદર્શની** પ્રથમ આવૃત્તિ વિ. સં. ૧૯૪૦ માં **ભીમ**સિંહ માણેકે પ્રસિદ્ધ કરી હતી, જૈ. સા. સં. ઇ.(પૃ. ૬૮૬)માં કહ્યું છે કે "૧૯૩૭માં ગુજરાંવાલામાં ચોમાસું રહી જૈન તત્ત્વાદર્શ શરૂ કર્યો ને બીજે વર્ષે હોશિયારપુરમાં પૂરો કર્યો" આ હિસાબે "મેચકમણિ" વિષેનો હિંદી ઉલ્લેખ વિ. સં. ૧૯૩૮ જેટલો પ્રાચીન ગણાય.

**વિસેસાવસ્સયભાસ**નું ગુજરાતી ભાષાંતર (ભા. ૨) "આગમોદય સમિતિ" તરફથી વિ. સં. ૧૯૯૩ માં પ્રસિદ્ધ થયું છે. એના પૃ. ૧૦૯માં "મેચક મણિ" નો ઉલ્લેખ છે.

આ કરતાં પણ "મેચક મણિ" એવો ગુજરાતીમાં વહેલો ઉલ્લેખ **જૈન તત્ત્વાદર્શ**ના વકીલ મુલચંદ નથુભાઇએ કરેલા ગુજરાતી ભાષાંતર (પૃ ૨૧૬) માં જોવાય છે. આ ભાષાંતર "શ્રીઆત્મારામજી જૈન જ્ઞાનશાલા તથા પુસ્તકાલયની કાર્યદક્ષ સભા" તરફથી ભાવનગરથી વિ. સં. ૧૯૫૬ (ઇ. સ. ૧૮૮૯) માં પ્રસિદ્ધ થયું છે.

"મેચક મણિ" એ વિવિધ રંગનું છે. એ સિવાય એને અંગેની વિશેષ માહિતી, એનો આકાર અને ઓળખવાની રીત વગેરેને લગતી માહિતી મેળવવી બાકી રહે છે તો તજ્જ્ઞ યોગ્ય પ્રકાશ પાડે એમ હું ઇચ્છું છું.

વિશેષમાં મલધારી હેમચન્દ્રસૂરિ કરતાં પહેલાં થઇ ગયેલા કોઇ જૈન ગ્રંથકારે "મેચક મણિ" વિષે સંસ્કૃત કે પાઇયમાં રચેલા ગ્રંથમાં ઉલ્લેખ કર્યો હોય તો એ ગ્રંથકારનું અને એ ગ્રંથનું નામ પણ જણાવવા મારી તજ્જ્ઞને સાદર વિજ્ઞપ્તિ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ....તો જૈન સંસ્કૃતિનો સુંદર પ્રચાર થાય

## વિદેશમાં જૈનાગમ સાહિત્યની માગ થઈ રહેલ છે
## આપ આપના પ્રકાશનો ત્યાં મોકલી શકો છો

ભારતીય દર્શનશાસ્ત્રોનો અભ્યાસ કરવાની ભૂખ આજે વિદેશમાં ઉઘડતી જાય છે તેમ તેમ દરેક દર્શન–શાસ્ત્રના ઉપાસકો તરફથી એ ભૂખને પહોંચી વળવા માટે યોગ્ય સગવડ કરવામાં આવે છે. પરિણામે આજે ભારતીય દર્શનશાસ્ત્રનું ઘણું સાહિત્ય વિદેશમાં પ્રચાર પામ્યું છે. ઘણા ગ્રંથો વિદેશી ભાષામાં પ્રગટ થયા છે અને તે માટે સુયોગ્ય વ્યવસ્થા કરવામાં આવતી હોવાથી આજે ત્યાં હિન્દુ, બુદ્ધ આદિ સંસ્કૃતિના સાહિત્યનો સારી રીતે સારો પ્રચાર થઈ રહ્યો છે.

આમ જે ઉત્સાહ અને વ્યવસ્થાપૂર્વક ભારતીય દર્શનશાસ્ત્રોનો વિદેશમાં પ્રચાર થઈ રહ્યો છે તેના પ્રમાણમાં આપણે ક્યાં ઊભા છીએ તે વાત જૈન સમાજે ગંભીરતાથી વિચારવા જેવી છે. આ વાતનો વિચાર કરીશું તો જૈન–દર્શનના પ્રચાર માટે આજે આપણો પ્રયાસ નહિવત્ છે તેમ લાગ્યા વિના રહેશે નહિ.

આજથી લગભગ સાઠ વરસ પૂર્વે ચીકાગોખાતે મળેલ સર્વધર્મપરિષદ સમયે આપણા તરફથી એક પ્રતિનિધિ તરીકે શ્રીયુત વીરચંદ રાઘવજી બાર–એટ–લો. ને ચીકાગોખાતે મોકલવામાં આવ્યા અને ત્યાં તેઓએ વિદેશના જુદા જુદા પ્રદેશોમાં ફરીને પાંચસો છસો વ્યાખ્યાનો જૈન–દર્શન અંગે આપ્યા ત્યારથી વિદેશમાં જૈન–દર્શનના અભ્યાસ માટેની રુચિ વધતી આવી અને આ પ્રયાસના પરિણામે કોઈ સ્થળે જૈન સાહિત્યના અભ્યાસ માટે મંડળો સ્થપાયાં, કોઈ સ્થળે અભ્યાસક વર્ગ સ્થપાયો અને એ રીતે જૈન–દર્શન તરફનો સદ્ભાવ વધતો આવ્યો. આ પ્રયાસને સદાકાળ જીવંત રાખવા અને પ્રવૃત્તિને વેગ આપવા માટે જો કોઈ વ્યવસ્થિત સંસ્થા તે સમયે ભારતમાં સ્થાપવામાં આવી હોત, અને વિદેશમાં જૈન દર્શનના પ્રચાર માટેનું કાર્ય આવી સંસ્થાએ અપનાવી લીધું હોત તો તો આજે જૈન દર્શનની મહત્તા વિદેશ સારી રીતે સમજી શક્યું હોત પરંતુ એ બની શક્યું નહિ. જ્યારે સ્વામી વિવેકાનંદે હિન્દુ સંસ્કૃતિના પ્રચાર માટે બનતું કર્યું અને વિદેશમાં તેના એવા ઊંડા મૂળ નાખ્યા કે આજે તે પ્રચારનું કાર્ય ફાલીફૂલી રહ્યું છે. બૌદ્ધ–સંસ્કૃતિનો પણ આ રીતે યોગ્ય પ્રચાર કરવામાં આવ્યો.

જ્યારે આપણી સ્થિતિ જુદી જ નીવડી. વીરચંદ રાઘવજીએ ત્યાં ભાષણો આપેલ તેની અસર થોડાઘણા વિદેશી સંસ્કારપ્રેમીઓમાં રહી અને તે વિદ્વાનોએ જૈન–દર્શન તરફનો રસ થોડાઘણા અંશે જાળવી રાખ્યો. આ પ્રવૃત્તિને આ. વિજયધર્મસૂરિજીએ વેગ આપ્યો, થોડો રસ વધાર્યો, પણ એ પ્રયાસ દીર્ઘજીવી ન નીવડ્યો, આજે પણ આપણામાં આ. વિજયધર્મસૂરીશ્વરજીના એવા કેટલાક શિષ્યવર્યો તેમજ કેટલાક વિદ્વાન્ મુનિવર્યો છે કે જે વિદેશના સ્કોલરો સાથે પોતાનો સંબંધ વ્યક્તિગત રીતે કેળવતા આવ્યા છે અને એ દ્વારા વિદેશમાં જૈન સાહિત્યના પ્રચાર માટે પોતાનાથી બનતું કરી રહ્યા છે; પરંતુ આ પ્રયાસ કોઈ ચોક્કસ પ્રકારની યોજનાપૂર્વકનો વ્યવસ્થિત નથી. તે માટે કોઈ જવાબદાર સંસ્થાની સ્થાપના નથી, કે જેની મારફત આ તમામ વ્યક્તિઓ કામ કરી શકે.

આ રીતે રસ લઈ રહેલ વિદ્વાન્ મુનિવર્યોનો વિચાર કરીએ તો આ. વિજયધર્મસૂરિજીના શિષ્યરત્નો આ. વિજયેન્દ્રસૂરીશ્વરજી આદિ ઉપરાંત આપણી સામે પહેલું નામ આવે છે આગમપ્રભાકર મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજનું અને બીજું નામ આવે છે સાહિત્યપ્રેમી મુનિવર્ય શ્રી જંબુવિજયજી મહારાજનું.

મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજની સાહિત્યસેવા તો હવે જગજાહેર થઈ ચૂકી છે. સાહિત્યના ભેખધારી તરીકે આપણે તેઓશ્રીને જાણીએ છીએ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગમસાહિત્યના સંશોધન માટે તેઓશ્રીએ જે અવિરત શ્રમ લઇને અપૂર્વ સેવા બજાવી છે અને બજાવી રહ્યા છે તે સદાસર્વદા અજર–અમર રહેશે.

મુનિવર્યશ્રી જંબુવિજયજી મહારાજ તો આપબળે તૈયાર થતાં એક આશાસ્પદ તેજસ્વી વિદ્વદ્-વ્યક્તિ છે. ચૌદ વરસની વયે તેઓશ્રીએ દીક્ષા અંગીકાર કરી ત્યારે તો જૈન–શાસ્ત્રનો સામાન્ય પ્રાથમિક અભ્યાસ તેઓશ્રીએ કર્યો હતો અને માત્ર એકાદ અંગ્રેજીનું જ્ઞાન તેઓશ્રીએ પ્રાપ્ત કર્યું હતું. પછી તો મોટા પંડિતોના રોકાણનો ખર્ચ કરવા સિવાય જૈન શાસ્ત્રનો અભ્યાસ તેઓશ્રીએ આપબળે શરૂ કર્યો, અને થોડા સમયમાં જ તેઓશ્રી તૈયાર થઇ ગયા. પં. સુખલાલજી, આગમપ્રભાકર મુનિ શ્રી પુણ્યવિજયજી મહારાજ આદિએ પણ તેઓશ્રીની જ્ઞાનોપાસના માટે ખૂબ જ પ્રશંસા કરી અને સમય જતાં દર્શનશાસ્ત્રના મહાન્ ગ્રંથ "નયચક્રસાર" નું સંપાદન કાર્ય તેઓશ્રીને આજથી દસ વરસ પહેલાં સોંપવામાં આવ્યું. આ કાર્ય જરા આકરું હતું. તે અંગે વિદેશના વિદ્વાનોનો સહકાર સાધવો પડે તેમ હતો, તેમ ઇંગ્લીશ તથા ટીબેટન વગેરે ભાષાનો પણ અભ્યાસ જરૂરી હતો. માત્ર ચાર માસમાં તેઓશ્રીએ ઇંગ્લીશ ભાષાનો અભ્યાસ તો કરી લીધો અને વિદેશના સ્કોલરો સાથે ઇંગ્લીશમાં પત્ર–વહેવાર કરવામાં અને અત્રે આવતા સ્કોલરોને ઇંગ્લીશમાં જૈન–દર્શનનો અભ્યાસ કરાવવામાં તેઓશ્રી તૈયાર થઈ ગયા હતા. જરૂર જણાતાં ટીબેટન, મરાઠી આદિ ભાષાનો અભ્યાસ પણ ચાલુ વિહારે ચાર માસમાં કરી લીધો અને 'નયચક્ર'નું સંશોધન કાર્ય આગળ ચાલ્યું. કહે છે કે આ ગ્રંથનો એક ભાગ પ્રસિદ્ધ થવાની તૈયારીમાં છે, તે પ્રગટ થશે ત્યારે ભારતીય દર્શનશાસ્ત્રોના સાહિત્યમાં આ ગ્રંથ અનોખી જ ભાત પાડશે. દેશ–વિદેશના સ્કોલરો માટે એ દર્શનશાસ્ત્રના એક અદ્વિતીય ગ્રંથનું સ્થાન પ્રાપ્ત કરશે. જૈન સાહિત્યનો એ ગૌરવગ્રંથ ગણાશે.

આ ગ્રંથ તૈયાર કરવામાં તેઓશ્રીને વિદેશના ઘણા સ્કોલરોનો સમાગમ સાધવો પડ્યો છે, અને એ પરિચય પોતે આપમેળે જ વધાર્યો છે. કેટલુંક કિંમતી ટીબેટયન સાહિત્ય જે વિદેશથી મંગાવવું પડતું, અને મોટો ખર્ચ કરવાથી પણ ભાગ્યે જ તે મળે એવી પરિસ્થિતિ હતી, ત્યાં પણ તેઓશ્રીએ પોતાની કાર્યદક્ષતા અને મીલનસાર સ્વભાવથી જરૂરી સામગ્રી મેળવવામાં સફળતા મેળવી છે. એટલે લાખોના ખર્ચે જે સંશોધનનું કાર્ય ન થઇ શકે તે કાર્ય તેઓશ્રી કોઇની ખાસ સહાય માગ્યા વિના કરી શકયા છે. પરિણામે આજે વિદેશથી હિંદમાં આવતા સ્કોલરો તેઓશ્રીનો સંપર્ક સાધે છે. આમ વિદેશના સ્કોલરોમાં જૈન–દર્શનના અભ્યાસનો થોડો ઘણો રસ જળવાતો આવ્યો છે તેમ બીજી બાજુ જૈન સાહિત્ય વસાવવાની જિજ્ઞાસા પણ ત્યાં સજાગ અવસ્થામાં હોય તેમ દેખાય છે.

'નયચક્રસાર''ના સંપાદનને અંગે વિદેશની કેટલીક સાહિત્ય સંસ્થાઓ તથા સ્કોલરો સાથે પણ પૂ. જંબુવિજયજી મહારાજનો પત્ર–વહેવાર ચાલુ જ હોય છે. તેમાંનો કેટલોક સારભાગ અવારનવાર પ્રગટ થયેલ આપણે જોઇએ છીએ.

હાલ લન્ડનની 'ઇન્ડિયા ઑફિસ લાયબ્રેરી'ના સંચાલક સાથે તેઓશ્રીનો જે પત્ર–વહેવાર ચાલી રહ્યો છે તેમાંથી જૈન સમાજને જાણવા જેવી કેટલીક હકીકત છે જે આ નીચે રજૂ કરવા રજા લઉં છું.

એ પત્ર–વહેવાર ઉપરથી જણાય છે કે ઇન્ડિયા ઑફિસ લાઇબ્રેરીમાં તેના સંચાલક જૈનાગમ તથા દર્શનશાસ્ત્ર આદિનું સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં રચાએલ મૂળ સાહિત્ય – યોગ્ય કીંમત આપીને વસાવવા માગે છે અને આ માટે તેઓએ યોગ્ય પ્રયાસ કરીને જૈન સાહિત્ય પ્રગટ કરતી સંસ્થાઓ તથા બુકસેલરો સાથે યોગ્ય સંપર્ક સાધ્યો છે.

જૈન સાહિત્યના પ્રકાશન માટે આપણી સમાજમાં જુદી જુદી સંસ્થાઓ અને પૂ. મુનિવર્યો કાર્ય કરી રહેલ છે અને તે દ્વારા આપણું મૂળ પ્રાકૃત અને સંસ્કૃત સાહિત્ય સારા પ્રમાણમાં પ્રગટ થવા પામ્યું છે. ઇન્ડિયા ઑફિસ લાયબ્રેરી પાસે આ તમામ પ્રકાશકોની યાદી ન હોય તે બનવાજોગ છે, તો દરેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકાશકો પોતાના પ્રકાશનની યાદી ઇન્ડિયા ઓફિસ લાયબ્રેરીને મોકલી આપે એ ઇચ્છવા યોગ્ય છે.

બીજી વાત એ છે કે આ રીતે પ્રગટ થએલ લગભગ તમામ સાહિત્યનો સંગ્રહ કોઇ એક વ્યક્તિ કે સંસ્થા પાસે તૈયાર પણ હોય તો આવો સંગ્રહ જો તેઓ આ લાયબ્રેરીને મોકલી આપશે તો ઇંગ્લાન્ડમાં જૈન સાહિત્યનો સારો સંગ્રહ એકત્ર કરાવવામાં તેમની સેવા કીંમતી ગણાશે. આ રીતનું સાહિત્ય જે ઇન્ડિયા ઓફિસ લાયબ્રેરીને મોકલવા માગતા હોય ને યોગ્ય કિંમત લેવા માગતા હોય તો યોગ્ય કિંમત આપવા માટે પણ તે તૈયાર છે. અને ભેટ તરીકે જો આપવા માગતા હોય તો આભારપૂર્વક તેનો સ્વીકાર કરવા પણ તૈયાર છે.

આવું સાહિત્ય મોકલવા માટે સગવડ રહે તે માટે લન્ડનને બદલે નીચેના શીરનામે મુંબઇ મોકલવામાં આવશે તો ત્યાંથી પણ લન્ડન પહોંચી શકશે.

U. K. High Commissioner's Office
Mercantile Bank Buildings
Mahatma Gandhi Road
Bombay. 1

ઇન્ડિયા ઓફિસ લાયબ્રેરીના સંચાલક "**मुनिपति चरित्र**"નું સંપાદન કરી રહેલ છે. આ માટે તેઓશ્રીએ પૂજ્ય મુનિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજ પાસે યોગ્ય સાહિત્યની માગણી કરી હતી. ત્યારે તેઓશ્રીએ **मुनिपति चरित्र गद्य**, **मुनिपति चोपाइ** આદિ જુદી જુદી જાતના હસ્તલિખિત વગેરે ૧૪ ગ્રંથો પોતાના તથા વડોદરાના જ્ઞાનભંડારમાંથી બે વરસ પહેલાં મોકલી આપ્યા હતા. તેમાંથી તેઓએ હરિભદ્રસૂરિજીનું પ્રાકૃત કાવ્ય સંતોષકારક રીતે પ્રાપ્ત કર્યું હતું. અને આ તમામ સાહિત્યના આધારે તેઓશ્રીએ "**मुनिपति चरित्र**"નો ગ્રંથ પ્રગટ કરવા માટે તૈયાર કર્યો છે. તેની પ્રેસ કોપી પણ તૈયાર થઇ ગઇ છે.

આ ગ્રંથ પ્રગટ કરવામાં આવે તે પહેલાં તેમની ઇચ્છા આ ગ્રંથને અંગે જો બીજું સાહિત્ય મળી આવે તો તેની સાથે પ્રેસ કોપી મેળવીને યોગ્ય સુધારાવધારો કરવા જેવો હોય તો તે કરી લેવાની છે. અને આ માટે તેઓને **जम्बुनाग श्वेतभिक्षु**-કૃત **मणिपति चरित्र**ની પ્રત આત્માનંદ સભા તરફથી મોકલવામાં આવી છે તેમજ આ અંગે બીજી કોઇ પ્રત કે સાહિત્ય હોવાનું કોઈના લક્ષમાં હોય તો તે બાબત યોગ્ય જાણ કરવા તેઓશ્રીએ જૈન સાહિત્યપ્રેમીઓને વિનતી કરી છે, તો જેઓને આ બાબતની માહિતી હોય તેઓ નીચેના શીરનામે ખબર આપી આભારી કરે.

ઇન્ડિયા ઓફિસ લાયબ્રેરીમાં જૈન સાહિત્ય બાબત તથા **मुनिपति चरित्रना** સંપાદન અંગે જે કોઇ પત્ર-વ્યવહાર કરવા માગતા હોય તે હિન્દી કે ગુજરાતી ભાષામાં પત્ર-વહેવાર કરશે તો પણ ચાલશે. પત્ર-વહેવારનું શીરનામું:—

India Office Library
King Charles Street, LONDON (Sw.)

જૈન સાહિત્યના સંગ્રહ, અભ્યાસ અને સંપાદન માટે આજે વિદેશમાં કેવો રસ કેળવાતો આવે છે તેનો આછો ખ્યાલ આપણને ઉપરના પત્રવહેવાર ઉપરથી આવશે અને આ તો એક સામાન્ય પ્રસંગ છે. બાકી આજે વિદેશમાં ભારતીય દર્શનશાસ્ત્રનો કેવો વ્યવસ્થિત રીતે પ્રચાર થઇ રહ્યો છે અને તેમાં ત્યાંની પ્રજા કેટલા પ્રેમપૂર્વક રસ લઇ રહેલ છે તેનો જ્યારે આપણે ઊંડો અભ્યાસ કરીએ ત્યારે જ જૈન-દર્શનના પ્રચાર માટે આપણે કેટલા પાછળ છીએ કે કેટલા બેદરકાર છીએ તેનો ખ્યાલ આવશે. કહે છે કે બૌદ્ધ અને હિન્દુ શાસ્ત્રના મુખ્ય ગ્રંથોની વિદેશની જુદી જુદી ભાષામાં આજે લાખો કોપી પ્રગટ થઇ રહેલ છે અને લાખો વિદેશીઓ તે પ્રેમપૂર્વક વાંચે છે, તેનો અભ્યાસ કરે છે જ્યારે આપણો કોઇ ગ્રંથ હજુ ત્યાં આ રીતે પ્રચાર પામી શક્યો નથી.

આપણી સાહિત્યોપાસનાનો વિચાર કરીએ તો યુગયુગથી આપણે સાહિત્યને માટે યોગ્ય કરતા આવ્યા છીએ, જીવનના ભોગે પણ આપણે સાહિત્યનું સંરક્ષણ કરતા આવ્યા છીએ, આપણા પ્રાચીન જ્ઞાન-ભંડારો અને દિલનો રંગ પૂરીને તૈયાર કરવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવેલ પ્રાચીન હસ્તલિખિત સુવર્ણ પ્રતોનું અવલોકન કરવામાં આવે ત્યારે સાહિત્યોપાસના પાછળ આપણે કેવો મહામૂલો ભોગ અનન્ય રસપૂર્વક આપતા આવ્યા છીએ તેનો ખ્યાલ આવે તેમ છે અને તે જોતાં આપણા મસ્તક એ સાહિત્યસેવીઓના ચરણમાં નમ્યા વિના નહિ રહે.

જૈન સમાજ આમ વરસોથી વિદ્યા-વ્યાસંગી રહ્યો છે. સાહિત્યને માટે તે પ્રાણ પાથરતો આવ્યો છે અને ભારતીય સંસ્કૃતિના ઘડતરમાં જૈન સાહિત્યનો ફાળો અદ્વિતીય છે. આજે પણ આપણે સાહિત્યને માટે ભોગ તો આપી જ રહ્યા છીએ. જૈન સાહિત્યનું પ્રકાશન પણ જુદા જુદા પ્રકારે થયા જ કરે છે અને એ માટે મોટી રકમ ખરચાઈ રહેલ છે. પ્રગટ થતાં સાહિત્યમાંથી મોંઘી કીંમતના ગ્રંથો ભેટ આપવાનો અને એ રીતે જૈન સાહિત્યનો પ્રચાર કરવાનું પણ ચાલુ જ છે; માત્ર જરૂર છે તેને યુગ-પ્રવાહ સમજીને સુવ્યવસ્થિત ઓપ આપવાની.

આપણે સાહિત્ય પ્રકાશનનો પ્રશ્ન જરા વ્યાપક દૃષ્ટિએ વિચારીએ. આજે હિન્દુ, બૌદ્ધ આદિ સંસ્કૃતિનું સાહિત્ય જે રીતે પ્રગટ થઈ રહ્યું છે તે જોઈએ, તેનું અવલોકન કરીએ અને આપણા સાહિત્ય પ્રકાશનને તેની સરખામણીમાં ઊભું રાખવા માટે યોગ્ય સુધારો કરીએ તો આપણી સાહિત્યસેવાનું ફળ જરૂર સુંદર આવશે.

અને સાહિત્ય પ્રકાશનની માફક જૈન દર્શનના પ્રચાર માટે પણ યોગ્ય પ્રયાસ કરવાની એટલી જ જરૂર છે.

આમ જૈન સાહિત્યના પ્રકાશનને યોગ્ય ઓપ આપવાનું, જૈન દર્શનનો દેશ-વિદેશમાં યોગ્ય પ્રચાર કરવાનું, તે માટે વિદેશના તથા દેશના જૈનેતર સ્કોલરોમાં જૈન સાહિત્યનો રસ ઉત્પન્ન કરવાનું તેમ જ જૈન સાહિત્યના સ્કોલરોને સાહિત્ય આદિ જરૂરી સામગ્રી અને માહિતી પૂરી પાડવાનું કાર્ય ભારતમાંની કોઈ એક જૈન સંસ્થા ઉપાડી લ્યે તો આજે એ અતિ મહત્વનું કાર્ય ગણાશે.

આમ જુદા જુદા વિદ્વાન્ મુનિવર્યો અને સાહિત્યપ્રેમીઓ દ્વારા વિદેશના સ્કોલરોનો સમાગમ તો સધાઈ રહ્યો છે પણ એ પ્રયાસોને એક કેન્દ્રીય વ્યવસ્થિત સંસ્થા દ્વારા વધુ અમલી રૂપ આપવામાં આવે તો જૈન-દર્શનના પ્રચાર માટે આપણે કેટલું સુંદર કાર્ય કરી શકીએ તે વાત વિચારવાની આજે ખાસ જરૂર છે.

જૈન કોન્ફરન્સ, આગેવાન સાહિત્ય સંસ્થાઓ અને જૈન-દર્શનના પ્રચાર માટે રસ ધરાવતા પૂ. મુનિવર્યો તથા ગૃહસ્થો આ પ્રશ્નનો ગંભીરપણે વિચાર કરી જૈન સંસ્કૃતિના પ્રચાર માટે કેન્દ્રીય પદ્ધતિએ વ્યવસ્થિત કાર્ય બનતી ત્વરાએ શરૂ કરે એ ખાસ જરૂરી છે. જો આજની આ પહેલી તકે જે અગત્ય ઊભી છે તેને પહોંચી વળવા માટે આપણે યોગ્ય કરીએ તો જૈન સંસ્કૃતિનો સુંદર પ્રચાર કરવામાં આપણે સફળ થઈશું અને એ જ શાસનની સારી પ્રભાવના ગણાશે.

આ કાર્ય માટે આપણે સૌ પહેલાં દેશ-વિદેશના જૈનેતર સ્કોલરો સાથે સંપર્ક ધરાવતા પૂ. મુનિવર્યો અને જૈન વિદ્વાનોની એક યાદી તૈયાર કરવાની જરૂર છે. પછી તેમની સાથે જૈન સાહિત્યના પ્રચાર માટેની યોગ્ય યોજના વિચારી લેવાની છે. અને આ દરેક વિદ્વાનોનો યોગ્ય લાભ લઈ શકાય, તે વિદ્વાનોને કાર્ય કરવામાં સુગમતા રહે તે દૃષ્ટિએ "જૈન સંસ્કૃતિ પ્રચાર" માટે એક કેન્દ્રિય પ્રવૃત્તિ હાથ ધરવાની રહે છે. જૈન સાહિત્યમાં રસ ધરાવતી સંસ્થાઓ પણ આ મહત્ત્વના કાર્યને વેગ આપવામાં બનતો સાથ આપી શકે છે. અને જો કાર્ય શરૂ કરવામાં આવે તો તેના સંચાલકોને સાહિત્યવિષયક કે આર્થિક સહકાર મળી રહે તેમાં શંકા નથી.

આશા રાખીએ કે આવી યોજનાને અમલી રૂપ આપવાની યોગ્ય વિચારણા લાગતીવળગતી સંસ્થાઓ અને સાહિત્યસેવીઓ કરે અને જૈન સંસ્કૃતિના પ્રચાર માટેનું-જૈન શાસન જયવંતું કરવાનું આ સમયોચિત કાર્ય પહેલી તકે યોગ્ય આકાર લ્યે.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**નોંધ—આજકાલ પરમ પૂજ્ય આચાર્યશ્રી આત્મારામજી મહારાજ, શ્રી વિજયધર્મસૂરિજી, મુનિમહારાજશ્રી જંબુવિજયજી વગેરેના પ્રયાસોથી જૈનેતર વિદ્વાનોમાં જૈન દર્શન અને સાહિત્યસંબંધી સાચું જ્ઞાન મેળવવાની ભૂખ ઊઘડી છે, તે આનંદની વાત છે. જૈન સમાજની હવે ફરજ છે કે તેણે આ ભૂખને સંતોષવા બનતા પ્રયાસો કરવા જોઇએ. પ્રો. ટુચી પૌર્વાત્ય દર્શનશાસ્ત્રો અને ભાષાઓના પ્રખર વિદ્વાન્ છે. તેઓ આ વિષયો સંબંધી એક ગ્રંથમાળા પ્રકટ કરી રહ્યા છે. રોમથી મુનિમહારાજ શ્રી જંબુવિજયજી ઉપર તાજેતરમાં આવેલો તેમનો એક પત્ર મારા વિધાન પરત્વે સારો પ્રકાશ ફેંકે છે. પત્ર તેના ગુજરાતી અનુવાદ સાથે અહીં આપ્યો છે.**

My Dear Friend,

I have received with delight the proofs of your excellent volume **Naya-cakram**, and I'm afraid it is far from easy to praise with adequate words such a treasure of learning. It is a really monumental work, representing a priceless contribution to Indian philosophic studies, and destined to be of great help to scholars of the subject. I hope these lines may convey to you my deep admiration and sincere thankfulness.

I am glad that you have found a new copy of the **Tattvasamgraha**, which will allow the correction of many passages of the G. O. S. edition. What do you intend doing with it? As I have written to Prof. Gokhale, we shall be delighted to edit some of your works in our series, also suggesting to publish Sanskrit texts in Nagari. All your studies deserve our highest consideration, and we would be happy to cooperate thus with you.

May I add that is you ever contemplated the possibility of travelling to Italy, we would concider it a privilege to have you as our guest, and would be really obliged to be informed about any such eventual plans.

With best congratulations for the impressive extent of your learning, and wishing you the happy pursuit of your work, I remain,

Sincerely yours,

**G. Tucci.**

વહાલા મિત્ર,

આપના સુંદર પુસ્તક '**નયચક્ર**'ના પ્રૂફ જોઇને ખૂબ આનંદ થયો અને આવા જ્ઞાનના ભંડારરૂપ પુસ્તકની યોગ્ય પ્રશંસા કરવા માટે મને યોગ્ય શબ્દો જડતા નથી. ભારતીય તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવામાં અમૂલ્ય મદદરૂપ થઇ પડે તેવો તે એક વિરાટ ગ્રંથ છે એમાં કોઇ શંકા નથી.

આપશ્રીએ '**તત્ત્વસંગ્રહ**'ની નવી કૉપી મેળવી છે તે જાણી આનંદ થયો છે. તેનાથી જી. ઓ. એસ. આવૃત્તિમાંના ઘણાખરા ફકરાઓ સુધારવાનું બની શકશે. આપશ્રી તેનું શું કરવા ધારો છો? મેં પ્રૉ. ગૉખલેને લખ્યું છે તેમ અમે અમારી સીરીઝમાં આપના કેટલાક ગ્રંથોનું સંપાદન કરવા ખુશી છીએ અને સંસ્કૃત પુસ્તકો નાગરી લિપિમાં પ્રકટ કરવાની સૂચના કરી છે. આપનો તલસ્પર્શી અભ્યાસ અતિશય પ્રશંસનીય અને આદરણીય છે. અમે આપને અમારો સહકાર આપવા ખુશી છીએ.

આપને માટે અહીં સુધી મુસાફરી કરવાની શકયતા હોય તો અમારા મહેમાન તરીકે આપનું સ્વાગત કરતાં અમને આનંદ થશે અને આવી કોઇ શકયતાના અમને ખબર આપશો તો અમે આપશ્રીના અહેશાનમંદ થશું. આપના જ્ઞાનની વિશાળતા માટે અમારો હાર્દિક આનંદ વ્યક્ત કરીએ છીએ.

આપના કાર્યની સફળતા ઇચ્છતો આપનો **જી. ટુચી.**

**હરિલાલ દેવચંદ શેઠ**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાલ્હણપુર અને પહુલવિહાર ક્યારે અને કોણે સ્થાપ્યા ?

( લેખકઃ—વૈદ્ય વિશ્વબંધુ પંડિત-પ્રાંતિજ ધન્વંતરિ આયુર્વેદ ચિકિત્સાલય )

[ ગતાંકથી સંપૂર્ણ ]

ઉપરનું વર્ણન જોતાં અને કવિબહાદુરની નોંધ જોતાં સમયમાં ૨૦૯ વર્ષનું અંતર પડે છે, તે જોતાં પરમાર પહ્લાદન જે તેરમી સદીમાં થયો તેની સાથે અનુસંગતિમાં આવતી નથી. **તીર્થસર્વ-સંગ્રહમાં** પણ આ નોંધ લેવામાં આવી છે. પણ તે કયાં સુધી યોગ્ય છે તે વિચારવાનું રહે છે. જો કે એમ લખવામાં અનુસંગતિ એટલી બધી બંધ-બેસતી આવી છે કે કુમારપાલની પાછળ રાજા અજયપાલ કટ્ટર ધર્મદ્વેષી આવ્યો છે. એના સમયમાં મૂર્તિને ગાળી નાખવાનું અને નંદી બનાવવાનું તદ્દન સંભવિત છે, પણ અહિં જોવાનું એ છે કે–જે દેવળની મૂર્તિ ગાળી નાંખી તે જ આખું દેવળ શૈવો અપનાવ્યા વિના છોડે ખરા ? જે દેવળ કુમારપાલે કરાવેલું છે તે તો સહજ બાજુ ઉપર સામેની બાજુ ટેકરીની પાસે છે. પાછલા કાળે તેમાંની મૂર્તિઓનું તો ગમે તે થયું હોય પરન્તુ વિદ્યમાન અચલેશ્વરના દેવળનું સમારકામ તો સં. ૧૨૯૦ માં વસ્તુપાલે કરાવ્યાનું પ્રમાણ મળે છે. સં. ૧૨૧૯ માં સ્વર્ગસ્થ થએલા રાજા કુમારપાલે જ તે કરાવ્યું હોય તો દેવળના મંડપને બાળી મૂકીને નાશ કરવામાં આવે એવો કયો પ્રસંગ છે ? શું શૈવો જ શૈવ દેવાલય બાળી મૂકતા હશે ? અને માત્ર બાસઠ પાંસઠ વર્ષમાં તે જૂનું થઇ ગયું હશે ? આ વિચારો સામે બંધબેસતી કરાએલી વાત સાબિત થતી નથી.

પાલણપુર વસાવનાર તરીકે તો ચોહાણ પાલણ છે અને તેનો પૂર્વજ આસપાલ છે. વિમલમંત્રીના દેવળની પ્રશસ્તિમાં પણ પરમારોનો પૂર્વજ આસપાલ બતાવ્યો છે. પણ પાલણ તો ચોહાણ છે. કવિ–બહાદૂરે લખેલી સાલ ૧૦૧૧ રાજા મૂલદેવના વખતમાં આવે છે. નાંદોલનું રાજ્ય ચોહાણોનું છે તેથી આ બનાવ બનવાનો સંભવ છે. પછીના કાળે પણ નાંદોલના ચોહાણોએ આબૂ કબજે કર્યો છે. તે પ્રમાણે પૂર્વકાળે પણ બન્યું હોય તો અસંભવિત નથી કે જે સં. ૧૦૦૧ માં ગાદીએ આવ્યો.

ચંદ્રાવતીના પરમારોની પરંપરાનો આદિપુરુષ ધુંદુરાજ છે. તેની પૂર્વપરંપરા જે આસરાજ કે અચલેશ્વર પ્રશસ્તિનો આહ્લણ એઓનું પૂર્વાપર અનુસંધાન થતું નથી. વિમલ પ્રશસ્તિમાં ૧ આસરાજ સમરસિંહ પ્રતાપમલ્લ, વિજડ લુંભાજી અને તેજસિંહ નામો છે. અચલેશ્વરમાં ૧ આહ્લણ ૨ કીર્તિપાલ ૩ સમરસિંહ ૪ ઉદયસિંહ ૫ પ્રમાનસિંહ ૬ પ્રતાપ-સિંહ ૭ વિજડ લૂંઢાજી છે. રાજા મૂળરાજના વખત-માં શ્રીમાલ અને આબૂ એક જ રાજાના તાબે હોવાનું દ્વાશ્રયકાવ્યની ટીકામાં અભયતિલક ગણિએ લખ્યું છે. એટલે સત્તા પરમારોની છે પણ રાજ્ય શ્રીમાલ ઉર્ફે ભિન્નમાલનું છે. આ રીતે ચોહાણોવાળી નોંધ ઊડી જાય છે. અને ભિન્નમાલના પરમારોની સત્તા નીચે આબૂ દેખાય છે, કદાચ તેના હાથ નીચે કોઇ પરમાર વહિવટકર્તા રહેતા હોય એ બનવા યોગ્ય છે. આ વિચારોથી બન્ને કવિઓની વાત નિરાધાર થાય છે, તો પછી પાહ્લણપુર કોણે વસાવ્યું હશે ? એ પ્રશ્ન ઊભો થાય છે.

અચલેશ્વરની તલાટીના અચલેશ્વર દેવલ વિષે શ્રીયુત દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી ગુજરાત માસિક પુ. ૧૨ અં. ૨માં લખે છે કે ( અચલગઢ નીચે ) અચલેશ્વર મહાદેવનું મોટું દેવાલય છે. આ મૂલ જૈનમંદિર હતું એવું અનુમાન થાય છે. જ્યારે સં. ૨૦૦૩ ના ફાગણ માસમાં હું આબૂ પહાડ પર ગયો ત્યારે આ દેવાલય બરાબર રીતે નિહાળેલું છે. આ દેવાલયના ગર્ભગૃહની ત્રણ બાજુ ફરી શકાય એવો બહુ જ સાંકડો માર્ગ રાખેલો છે. પાછલી દિવાલે મધ્યમાં એક આડો પત્થર મૂકેલો છે જેની નીચે થઇને ફરનાર નીકળી શકે છે. ગર્ભાગારનું બારસાખ અને બહારનાં મંડપની બારસાખ જોતાં દેવળ પુરાણું જૈન દેવળ જ છે. ગર્ભાગારમાં શિવલિંગ નીચાણમાં ભૂમિ ઉપર છે. અને છેક દિવાલની નજીકમાં ઊંડો ખાડો છે જેમાં પાણી હોય એમ જણાય છે. જગ્યાની



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માપની દૃષ્ટિએ આ જિનમૂર્તિ નીચેની કુરૂમની જગ્યા છે. સ્તંભો સુંદર છે અને મંડપ વિશાળ છે. તેમાં જમણી બાજુ ઘણા રાજાઓની મૂર્તિઓ છે અને ઘણા ઉપર લેખો પણ છે. આ દેવળની પાછળ એક વાવ છે અને આજુબાજુ નાનાં મોટાં શિવાલયોથી ચોગાન રોકાઇ ગયું છે. તેમાંથી બે ત્રણને બાદ કરીએ તો બાકીનાં સૌંદર્ય વિનાનાં છે. આ દેવાલય ઘણું જ પુરાતન છે અને પુરાણની વાત મુજબ તે પાર્શ્વનાથનું જ હતું. આ દેવળને શૈવ દેવળમાં કોણે ફેરવ્યું તેનો લેખિત પુરાવો બતાવવો મુશ્કેલ છે. આવી બાબતમાં અનુમાનનો આશરો લીધા વિના કંઇ પણ સમાધાન આપી શકવું શકય નથી. અનુમાન પણ અમુક સંભવિત નિશાનો ઉપરથી તેના આધારે જ થઇ શકે છે જે અહિં રજૂ કરીએ છીએ.

પાલણપુરનું ખરું નામ શું હશે? એ શંકાસ્પદ વાત છે, કારણ કે પ્રાંતિજ ગામનાં પ્રભાદિત્ય, પ્રાગ્જ્યોતિષ, પાલપુર અને પહ્લાદનપુર નામો લોકોએ લખ્યાં છે તેમ આ ગામનું નામ પાલણપુર થયું છે. હાલના લોકો ભગવાનનું નામ **પલ્લવિયા પારસનાથ** બોલે છે. એ ખરી રીતે પર્ણવિહારનું અપભ્રંશ છે. મુનિસુંદરસૂરિજી **पर्णविहारपुर** નામ આપે છે. આ શ્લોકમાં **आद्यः** શબ્દ વપરાયો છે તેથી આદિનાથ અર્થ નિકળે છે પરન્તુ પૂર્વભૂમિકા જોતાં તે આદ્ય હોવાનો સંભવ જણાય છે. ભિન્નભિન્ન પ્રતો તપાસાય તો આ બાબત નિઃસંદિગ્ધ થાય. સં. ૧૫૦૪ ની પ્રતમાં **पानविहारनगर** પણ લખાયું છે. આ બન્નેને આપણે પાલણપુરનાં જ નામ સમજવાં જોઇએ, પણ ઐતિહાસિક દૃષ્ટિએ પર્ણનું નામ **ગિરનાર**ના **સ્કંદગુપ્ત**ના ખડક લેખમાં સૌરાષ્ટ્રગુજરાતનો સૂબો **પર્ણદત્ત** છે. જો કે લેખની શરૂઆત તો **सिद्धं**થી કરી છે, તેથી જૈનધર્માનુયાયી હતા એમ તો જણાય છે, પણ તેમાં કરાએલું સ્તવન જિન, વિષ્ણુ અને રાજા ત્રણેને લાગુ પડે છે, એના છોકરાનું નામ **ચક્રપાલ** છે એટલે જો કે પર્ણસાથે **દત્ત** જોડેલો છે, તો પણ એમ માની શકાય કે તે કવચિત **પર્ણપાલ**ના નામે પણ વહેવાર થતો હશે. જેના ઉપરથી પાલપુર નામ થવાનો પૂરો સંભવ છે. એ ગુપ્ત સંવત્ **૧૩૬** એટલે વિ. સં. ૫૧૧ અને વી. નિ. સં. **૯૮૧** એટલે વલ્લભીમાં ભરાએલી જૈનશ્રમણ પરિષદનું કામ પૂરું થયું તેને બીજે વરસ **ચક્રપાલ** સૂબો હતો, જે તેણે બંધાવેલા વિષ્ણુમંદિરને આધારે વૈષ્ણવ હતો. પણ એ વૈષ્ણવ હાલના વિષ્ણુનું રૂપક નહોતું, એ એની સ્તુતિ ઉપરથી સમજાય છે. તે વખતે **પર્ણપાલ** હયાત હોવા સંભવ નથી. પણ તે તેનો પિતા હોવાથી ઝાઝો દૂર ન હોય. આ વખતે એક વિશિષ્ટ સંપ્રદાય જુદો પડ્યો જેણે પગમાં દેખાડવાનું ધર્મચક્ર હાથમાં દેખાડી યોદ્ધાનું રૂપ આપ્યું. **પર્ણવિહારનગર** અથવા **પર્ણપાલનગર** એવું આદિનામ એણે વસાવેલા આ ગામનું સંભવે. આ ગુપ્તવંશના રાજા **સ્કંદગુપ્ત**ના વખતમાં જ જૈનશ્રમણોની વલ્લભી વાચનાનું કામ થયું. જે વખતે ચક્રદત્ત સૂબો હતો. આ સમયે પાલણપુર વસવાનાં પણ કારણો હતાં. ગુપ્તોના કાળ પછી ત્રૈકૂટકવંશે અને પછી **ભીમસેન** તથા કૃષ્ણરાજ જે રાઠોડ હતો તેની ભાગવતકારે ખૂબ પ્રશંસા કરી છે અને ભગવાન રૂપે લખ્યો છે. કદાચ આ રાજાએ **પર્ણવિહારનગર** ભાંગવાથી ઉજ્જડ પડી રહ્યું હોય એ દીપવિજયજીના કહેવા મુજબ સંભવિત છે. ફરી તે જ જગ્યાએ પહ્લાદનદેવે નગર વસાવી પોતાના નામે ચઢાવ્યું અને અહિં આવી વસેલા જૈનોએ તે કાળે આ વિશાળ દેવળ બંધાવ્યું હોય એ સંભવિત છે. આદિકાળે તો **પર્ણદત્તે** જ ગામ અને દેવલ બંધાવ્યાં હોવાં જોઇએ. એનો સમય આપેલી વિગતને આધારે વિક્રમનો પાંચમો સૈકો સંભવે. કારણ કે કવિબહાદૂર દીપવિજયજી પાલણપુરની પુરાતન ઉજ્જડ જગ્યા બતાવી જુનુખેડ નામ આપે છે. અને પ્રહ્લાદને જૂના શહેરનો ફરી ઉદ્ધાર કર્યો એમ નોંધ છે તે ખરી છે વા સંભવ છે જેને મૂર્તિઓ ગાળવાથી કોઢ થયો એ રાઠોડ રાજા કૃષ્ણ કે તેનો કોઇ સેનાપતિ હોય પણ આ બન્ને ભાઇઓના રાજ્યમાં કાંઇ આવો બનાવ બન્યાનો ઇસારો કોઇ જગ્યાએ જોવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિશ્વાસ રાખો

**લેખકઃ—અમરચંદ માવજી શાહ**

વિશ્વાસ રાખો કે તમે એક મહાન્ અખંડ અજર અમર અને શાશ્વત આત્મા છો. જેમ તમે આત્મા છો તેમ અન્ય જુદા જુદા પુદ્દગલ પર્યાયમાં વિચરતાં ચૈતન્ય સ્વરૂપ આત્માઓ જ છે. જેમ આ સંસારમાં આત્માઓ છે તેમ જડ પુદ્દગલમાં પણ અનંતા અણુઓ છે. આ બે વસ્તુ જીવ અને અજીવથી આ સંસાર આખો ભરેલો છે. કયારેય કોઈ પણ વસ્તુનો કોઈ પણ દ્રવ્યનો સમૂલો નાશ થતો નથી. ફક્ત પર્યાયાંતર થાય છે.

આ આત્માનું શુભાશુભ ભાવરૂપ નિમિત્ત પામીને પુદ્દગલો પરિણમે છે, પરિણમવું એ જેમ જીવનો સ્વભાવ છે તેમ પુદ્દગલનો પણ સ્વભાવ છે. જેવા જેવા પરિણામે આત્મા પરિણમે છે તેવા તેવા પુદ્દગલો નિમિત્તરૂપ થાય છે. આમાં કેટલાક શુભ હોય છે અને કેટલાક અશુભ હોય છે. કેટલાક મિશ્ર શુભાશુભ હોય છે અને તેનું ફળ સુખ–દુઃખ મિશ્રપણે દુઃખસુખ આ આત્મા અનુભવે છે.

શુભ ભાવનું ફળ પુન્ય અને અશુભ ભાવનું ફળ દુઃખ. શુભાશુભ ભાવનું ફળ પુન્ય–પાપ મિશ્રરૂપે ઉદયમાં આવે છે અને તે મુજબ સંસારમાં સુખ–દુઃખનાં અનુભવ કરે છે. જેવા ભાવોના રસે આ આત્મા રંગાય છે એવા સ્વરૂપો પુદ્દગલનાં સ્વયં ઘડાય છે. અનંતા આત્માઓ છે, અનંતા પુદ્દગલો છે. આ આત્માને અનાદિ કાળથી અજ્ઞાન મોહ અને રાગ દ્વેષથી પુદ્દગલ ભાવમાં પ્રીતિ છે. એટલે તેના સંયોગ–વિયોગમાં હર્ષ–શોકની લાગણી:કરી સંકલ્પ વિકલ્પમાં પડે છે. અને પરવસ્તુમાં પ્રીતિ અપ્રીતિ કરી સુખ–દુઃખને નિમંત્રણ કરે છે.

ધનની પ્રાપ્તિ, સુખસામગ્રીની પ્રાપ્તિ, સ્ત્રી પુત્રાદિકની પ્રાપ્તિ આદિ વસ્તુઓ પુન્યને આભારી છે અને અપ્રાપ્તિ પાપને આભારી છે માટે દૃઢ વિશ્વાસ રાખો કે તમારા પુન્ય પાપ અનુસાર જ એ બધું સુખ–દુઃખ તમને પ્રાપ્ત થવાનું છે. કોઇ પણ વસ્તુનો નાશ સદંતર થઇ જતો જ નથી. આપણી પાસેથી ધન ચાલ્યું જાય એટલે આપણે માનીએ છીએ કે 'સબ દુનિયા નિર્ધન હો ગઇ' પણ એવું કાંઇ નથી. અને કોઈ પણ મનુષ્યો એમ ધારે કે અમે આમ જ કરીશું, આમ જ થવું જોઇએ, આમ જ એકસરખા દરેકને કરવા છે. કોઇ શ્રીમંત નહીં, કોઇ ગરીબ નહીં, સબ સરખા તો ત્યાં તાત્વિક રીતે એ કદાપિ બન્યું નથી અને બનવાનું નથી. જાતિ–કુળ–વંશ–સંસ્કાર એ પણ વ્યવસ્થિત કર્મનાં નિયમ મુજબ જ છે. ઊંચ–નીચ ગોત્ર એ કર્મનું પરિણામ છે. એટલે જે કાંઇ સમાજમાં સુધારા કરવાની વાતો થાય છે તે જો તાત્વિક દૃષ્ટિને અનુરૂપ હશે તો જ સિદ્ધ થશે. અને તો જ તેનું પરિણામ આવશે. જો જગતમાં બધું જ સમ થઇ જાય તો પછી જગત આખું મુક્ત જ થયું ગણાય, પરંતુ એમ કદાપિ કોઇ કાળે બનવાનું નથી, એમ દૃઢ વિશ્વાસથી માનજો.

જો ખરેખર જગતમાં સુખ શાંતિ આનંદ પ્રેમ

---

આવતો નથી. ઘણું કરીને આવી વાર્તા લખવાનું કારણ ચૈત્યવાસી યતિઓના કાળને ભૂલીને તથા તેઓનાં કબજાનાં કે તેઓનાં હસ્તક બંધાએલાં દેવળોને અવંદનીય ઠરાવી તેનાથી જુદા પડવા માટે હોય, આ વાતને પુરવાર કરતા સંઘપટ્ટક વિગેરે ગ્રંથો છે. જેમાં **વિધિચૈત્ય** અને **અવિધિચૈત્ય** માનવામાં આવ્યાં છે. આ એક શ્રમણસંઘનું આંતરકલહ યુદ્ધ હતું એમ કહીએ તો કાંઇ હરકત નથી. આ પ્રમાણે પાલણપુર અને પલ્લવિયાપાર્શ્વનાથની મૂળસ્થિતિ સ્પષ્ટ થાય છે. વિદ્વાનો વિશેષ શોધ કરે એમ ઇચ્છી આ વિષય પૂરો કરું છું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધારવા હોય તો આપણે આધ્યાત્મિક રીતે શુભ ભાવનાઓનો પ્રવાહ વહાવવો પડશે. પુન્યનો ખજાનો વધારવો પડશે. દયા, સત્ય, જાતિ, ન્યાય આદિ પવિત્ર સિદ્ધાંતોનું ખૂબ ખૂબ પરિશીલન કરવા તત્પર થવું પડશે. આપણે એકબાજુ હિંસા, અસત્ય, ચોરી, કુશીલતા અને પરિગ્રહમાં ડૂબેલા રહીશું. ક્રોધ, માન, માયા, લોભ, રાગદ્વેષ, મોહ અને અજ્ઞાનમાં રાચતા રહેશું ત્યાં સુધી બાહ્યથી ગમે તેટલી એકતાની, સુખની, શાંતિની ભાવના રાખીશું તે કદાપિ ફળવાની નથી.

આપણે બીજા જીવોનાં ભોગે બીજાને દુઃખ આપીને, ત્રાસ આપીને આપણું સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખીશું તે તો આકાશમાં પુષ્પ ઉગાડવા જેવી એક માત્ર ભ્રમણા જ લેખાશે. આપણે ન્યાયને ગુંગળાવી નાખીએ, નીતિને તળિયે બેસારીએ, સત્યને અળગું રાખીને આપણું હિત સાધવા મથીએ તે તો રેતીમાંથી તેલ કાઢવા જેવું નિષ્ફળ છે.

વર્તમાનકાળમાં હિંસા, અસત્ય, અન્યાય, અનીતિએ માઝા મૂકી છે. ધર્મ તો જાણે એક જીવનની કાળી બાજુને ઉજળી બતાવવા માટે ગીલીટ તરીકે જ કે માત્ર મત–પંથની જાળવણી અને અભિમાન ટકાવવા માટે જ થઇ રહ્યો છે. વાસ્તવિકતા જેવું ભાગ્યે જ દેખાય છે. દંભની પરાકાષ્ઠા થઇ છે. સૌને સુખી થવું છે, સુખ ગમે છે અને સુખી થવા માટે પ્રયત્નો પણ કરે છે, છતાં સુખ–શાંતિનાં દર્શન થતાં નથી તેનું કારણ કદીયે શાંતિથી વિચાર્યું છે?

સુખ તારા આત્મામાં જ છે. તારા અવળા પુરુષાર્થથી, તારા અવળા વર્તનથી, તારા અશુભયોગ પ્રવર્તનથી તું તારે હાથે જ દુઃખનાં દોરડા તારા જીવન ફરતો વીંટાળી રહ્યો છે. અને તેનું પરિણામ ભોગવી રહ્યો છે અને તેમાંથી છૂટવા માટે ફાંફાં મારી રહ્યો છે. બીજાને કહી રહ્યો છે, મારું દુઃખ દૂર કરો, મને સુખ આપો પરંતુ તેં કરેલા કર્મ તારે જ ભોગવવાં જોઇએ, એમાં બીજા તો માત્ર નિમિત્તરૂપ છે, માટે તું જો ખરેખર સુખી થવાની જ આશા રાખે છે તો તું એક વખત તારા આત્મામાં વિચાર કરતો થઇ જા. તું જે જે ભાવો ક્ષણે ક્ષણે કરી રહ્યો છે તેનાં ઉપર તું વિચાર કર કે આ ભાવો મેં શુભ કર્યાં કે અશુભ અને જો અશુભ થતા હોય તો તેનો ત્યાગ કરવા, તેનું પ્રાયશ્ચિત્ત લેવા તૈયાર થા અને જેમ બને તેમ શુભ ભાવો કરવા તરફ વલણ રાખ. ગમે તેવા દુઃખદ પ્રસંગમાં પણ ધીરજ રાખ. અને કરેલા કર્મને હર્ષ શોક કર્યા વગર વેદી લે. નવા કર્મ બાંધતી વખત તું ઉપયોગ રાખ. આ શુભાશુભ ભાવ એ સંસારમાં સુખ–દુઃખનું કારણ છે પરંતુ આ સુખ–દુઃખ એ સંસાર છે, તારે તો સંસારમાં સુખ દુઃખથી રહિત થવાનું લક્ષ રાખવાનું છે. એટલે તારે અંતે તો શુદ્ધ ભાવ જ ભાવવાનો છે.

તારો આત્મા શુદ્ધ છે. તે તારી અજ્ઞાનતાથી અશુદ્ધભાવે પરિણમવાથી, મોહનાં લીધે સંસારની પરવસ્તુઓમાં હુંપણાની બુદ્ધિવડે તારું સ્વરૂપ અવરાણું છે–એ સ્વરૂપ એકાંતે તદ્દન અશુદ્ધ નથી થઇ ગયું. તારો નિશ્ચય જ્ઞાનરૂપી દીપક એમાં પ્રગટ છે. રાગ દ્વેષની મેશથી તે સ્વરૂપ તને પ્રગટ દેખાતું નથી, છતાં તે તારું શુદ્ધ સ્વરૂપ છે અને તે જ તારે પ્રાપ્ત કરવાનું છે. મહાન્ જ્ઞાની પુરુષો એ શુદ્ધ સ્વરૂપની જ સાધના કરીને શુદ્ધ સ્વભાવને સિદ્ધ અવસ્થાને પ્રાપ્ત થયા છે.

શ્રીમદ્ યશોવિજયજી મહારાજે જ્ઞાનસાર અષ્ટકમાં પ્રકાશ્યું છે કે—

**शुद्धात्म द्रव्यमेव हि, शुद्धज्ञानगुणो मम।**
**शुद्धबुद्धस्वभावाय, तस्मै श्रीगुरवे नमः॥**

કવિવર્ય શ્રી બનારસીદાસે સમયસાર નાટકમાં પ્રકાશ્યું છે કે—

**શુદ્ધતા વિચારે ધ્યાવે, શુદ્ધતા મેં કેલી કરે,**
**શુદ્ધતા મેં સ્થિર રહે, અમૃત ધારા વરસે.**

યોગિવર્ય શ્રી આનંદઘનજીએ શ્રી અરજિન સ્તવનમાં પ્રકાશ્યું છે કે—

**શુદ્ધાતમ અનુભવ સદા, સ્વસમય એહ વિલાસ રે**
**પરબડી છાંહડી જેહ પડે, તે પરસમય નિવાસ રે**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દુઃખસુખરૂપ કરમ ફલ જાણો,
નિશ્ચય એક આનંદો રે.

× × ×

દરશન જ્ઞાન ચરણથકી, અલખ સરૂપ અનેક રે
નિર્વિકલ્પ રસ પીજીયે, શુદ્ધ નિરંજન એક રે

કવિવર્ય શ્રી રાજચંદ્રજીએ આત્મસિદ્ધિમાં પ્રકાશ્યું છે કે—

શુદ્ધ બુદ્ધ ચૈતન્ય ધન, સ્વયં જ્યોતિ સુખધામ
બીજું કહીયે કેટલું, કર વિચાર તો પામ.
શુદ્ધ નિરંજન ચૈતન્ય મૂર્તિ અનન્યમય
ૐ શુદ્ધ નિર્વિકલ્પ ચૈતન્ય

સંત ચિદાનંદજી મહારાજે પ્રકાશ્યું છે કે—

આતમ ધ્યાને રમણતા, રમતાં આત્મસ્વભાવ;
અષ્ટ કર્મ દૂરે કરે, પ્રગટે શુદ્ધ સ્વભાવ.

× × ×

શુદ્ધાતમ ભાવે રહ્યો, પ્રગટે નિર્મળ જ્યોત;
તે ત્રિભુવન શિર મુગટ મણી ગયા પાપ સબ છોડ.

આમ દરેક મહાત્મા પુરુષોએ–યોગીવર્યોએ–કવિવર્યોએ શુદ્ધ આત્માની જ સાધના કરી છે.

તું પણ હવે એક શુદ્ધ આત્માની જ સાધના કરવા તત્પર થા અને વિશ્વાસ રાખ કે તારું એમાં જ કલ્યાણ છે, તને એમાં જ સુખ–શાંતિ અને આનંદ મળવાનો છે. તારી પાસે કરોડો રૂપીયા, બંગલા–મોટરો, સ્ત્રીઓ–આદિ ગમે તેટલું હશે છતાં કદાપિ તને તેમાં સાચી શાંતિ મળવાની નથી, એ તો તને તારા શુભ કર્મનાં ભાગ્યથી સાંપડેલી પરવસ્તુ છે અને તે બંધ પૂર્ણ થતાં તને છોડીને તને બિચારો બનાવી લાત મારી ચાલી જશે. અને આ સ્વભાવનું સુખ, તારો પોતાનો સચ્ચિદાનંદમય સ્વભાવ તેનો જેમ જેમ તું બાહ્ય ભાવોનો ત્યાગ કરતો જઈશ તેમ તેમ આ સુખ સ્વયં વધ્યા કરશે. તારું સુખ તારા સ્વભાવમાં ભર્યું પડ્યું છે પરંતુ તું જ્યાં સુધી અવિશ્વાસથી બહાર જ્યાં ત્યાં સુખ શોધી રહ્યો છે, માની રહ્યો છે ત્યાં સુધી તને તારું સુખ પ્રાપ્ત થતું નથી.

હવે વિશ્વાસ રાખ, અનુભવ કર, શાંત થા, ઉપશમ પામ, ઉપયોગમાં આવ, જાગ્રત થા તને માનવજીવનમાં દુર્લભ યોગ પ્રાપ્ત થયો છે. તારી ઉપર સંતોએ કૃપા કરી છે. તને આ બધું જાણવાનું મળ્યું છે. તું હવે સવળો પુરુષાર્થ કર. અંતર્મુખ થઇ જા. તારે અખંડ આનંદ અભેદ્ય પ્રેમ નિર્વિકલ્પ શાંતિ પ્રાપ્ત કરવી છે તો સમતાભાવમાં સ્થિર થઇ જા. અને વિશ્વાસ રાખ કે તારી શાંતિથી તારો મહાન્ જ્ઞાન–સ્વભાવરૂપ સૂર્ય એક દિવસ જરૂર પ્રકાશિત થશે અને તે પ્રકાશથી સમસ્ત જીવન પ્રકાશિત થશે, તું કૃતકૃત્ય થઇશ, તારા પ્રકાશનાં કિરણો પકડવા અનેક તારા ચરણમાં નમશે અને કૃતાર્થ થશે માટે સમ્યક્ શ્રદ્ધારૂપ દૃઢ વિશ્વાસ રાખ.

---

જો વાસ્તવિકપણે વિચાર કરીએ તો ગુણ–સંપત્તિહીન માણસમાં અભિમાનની માત્રા અધિકતર હોય છે. આવા માણસો બીજાની પ્રશંસા સાંભળી શકતા નથી અથવા બીજાને અપાયેલું માન સહન કરી શકતા નથી, પછી ભલે તે ગુણ–સંપત્તિવાન કેમ ન હોય? તેમનામાંથી પણ પોતે અછતા દોષો પ્રગટ કરી બતાવે છે, કારણ કે એવાને પોતાની જ માન-પ્રશંસા પ્રિય હોય છે. જેઓ બીજાને અપાયેલા માન–પ્રશંસા સહન કરી શકતા નથી, તેઓમાં દરેક બાબતની ઊણપ રહેલી હોય છે. એનાથી ય વધારે ઊણપવાળા તો તે છે કે જે પોતાના મોઢે જ પોતાની પ્રશંસા કરે છે અથવા અણછાજતા ગુણો પોતાના જ હાથે લખીને જનતા સમક્ષ ધરે છે.

—જ્ઞાનપ્રદીપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આનન્દપ્રાપ્તિના માર્ગો

( ગતાંક પૃષ્ઠ ૯૬ થી શરૂ )

અનુ—**વિઠ્ઠલદાસ મૂ. શાહ**

મનુષ્યો એવા પ્રાણી છે કે જેઓ વાસ્તવિક આનન્દ પ્રાપ્ત કરી શકે છે. અન્ય પ્રાણીઓ ઉપર્યુક્ત અવસ્થામાં જ રહે છે. વાસ્તવિક આનન્દ તો એ છે કે જેમાં જીવન અને જીવનના ઉદ્દેશમાં સંપૂર્ણ સમભાવ હોય છે. આ પ્રકારનો આનન્દ કોઇ પણ મનુષ્ય પોતાને માટે સ્વયમેવ પ્રાપ્ત કરી શકતો નથી. જ્યારે કોઇ વ્યક્તિ નિર્લેપ બની પરમાર્થ કાર્યમાં જીવન વ્યતીત કરે છે ત્યારે આનન્દ સ્વયમેવ પ્રાપ્ત થઇ જાય છે. આનન્દ એ આત્માનો ગુણ છે અને એ અવસ્થામાં એ સ્વયમેવ પ્રકટીભૂત થાય છે; પરંતુ કોઇ પણ મનુષ્ય આનન્દને પોતાના જીવનનું સાધ્ય બનાવવાથી આનન્દ પ્રાપ્ત કરી શકતો નથી. આ વાત સર્વથા અસંભવિત છે. જો તમારી ઇચ્છા વાસ્તવિક આનન્દ મેળવવાની હોય તો હમેશાં તમારા ઉદ્દેશ્ય અથવા સાધ્યને ઉચ્ચ બનાવવાનો યત્ન કરો. અન્ય મનુષ્યોના આનન્દને તમારા પોતાના આનન્દ કરતાં ઉત્કૃષ્ટ માનો. પરહિતાર્થે સ્વાર્થનો ભોગ આપો. ધનથી પ્રસન્નતા મેળવી શકાય છે, સંતોષ તેમજ સંતુષ્ટતા મેળવી શકાય છે; પરંતુ આનન્દ એવી વસ્તુ નથી કે જે ધનથી મેળવી શકાય, તે તો સત્ જીવનથી જ મળી શકે છે. આનન્દ સત્યાર્થ જીવનનું જ અંગ છે. તે કદાપિ એનાથી પૃથક્ હોઈ શકે જ નહિ. આનન્દ શાંતિનો ભંડાર છે અને નિરાશાયુકત ઉદ્યોગથી દૂર રહે છે, અપ્રાપ્ય છે. જે વસ્તુઓ સ્વાર્થની સીમા બહાર છે તે વસ્તુઓના પ્રેમ પર આનન્દનો આધાર રહેલો છે. જ જગતમાં આનન્દનું પ્રત્યેક ઉદાહરણ લઇ તેનું પૃથક્કરણ કરશો તો તમને સ્પષ્ટ પ્રતીતિ થશે કે તે સર્વમાં પ્રેમનું તત્વ નિગૂઢ રહેલું છે. તે પ્રેમ માતા–પિતાનો પોતાનાં બાળકો તરફ હોય, અથવા સ્ત્રી પુરુષનો પરસ્પર પ્રેમ હોય અથવા ગમે તે રૂપમાં તે પ્રેમ માનવ જાતિ તરફ હોય, અથવા પ્રેમ જીવનના કોઇ પ્રથમ કાર્યનો હોય કે જેને વાસ્તે દરેક મનુષ્ય પોતાની સઘળી શક્તિઓને ઉપયોગમાં લે છે, પરંતુ પ્રેમ તો અવશ્ય હોય છે જ.

જે મનુષ્યમાં આશા, વિશ્વાસ અને સાચો દૃઢ પ્રેમ હોય છે તે મનુષ્ય આનન્દ મેળવી શકે છે. નિરાશાભરેલા નિકૃષ્ટ વિચારોને નિરંતર સેવનાર મનુષ્યને આનન્દની પ્રાપ્તિ થઇ શકતી નથી. આવા મનુષ્યોને પોતાનાં હૃદયની ક્ષુલ્લકતા દૃષ્ટિગત હોય છે અને તેઓ એમજ સમજતા હોય છે કે જગત ક્ષુલ્લક હૃદયવાળા મનુષ્યોથી ભરેલું છે. તેઓની સ્થિતિ ઘુવડના જેવી હોય છે જે સૂર્યનો પ્રકાશ ન જોઇ શકવાથી એમજ સમજે છે કે દિવસે પણ અંધકાર જ રહે છે. જ્યારે નિરાશા વધે છે ત્યારે આવા મનુષ્યો મૃત્યુને ઇચ્છે છે અને તેઓનાં મનમાં એવા વિચારો ઘૂસવા લાગે છે કે આ જીવનમાં તો આનન્દ મળ્યો નહિ તો તે મૃત્યુથી મળશે.

વિશ્વાસના અભાવમાં પણ આનન્દનો અભાવ જ રહેલો છે. જે મનુષ્યને બીજા લોકો પર વિશ્વાસ નથી હોતો, જે કેવળ પોતાને સાચા અને બીજાને જૂઠા ગણે તેને કદિ પણ આનન્દ મળી શકતો નથી. આરંગઝેબ મહાપ્રતાપી મુગલ સમ્રાટ્ હતો, પરંતુ તેને બીજા લોકો પર લેશ પણ વિશ્વાસ નહોતો. પોતાના પુત્રો પર તેને જરા પણ વિશ્વાસ નહોતો, તો બીજાની વાત જ કયાં કરવી ? આ જ કારણથી તે જિંદગી પર્યંત આનન્દથી વંચિત રહ્યો હતો. મૃત્યુના દિવસો જેમ જેમ નજીક આવતા ગયા તેમ તેમ તેના ભયમાં વિલક્ષણ વધારો થવા લાગ્યો. મહાન્ રાજનીતિજ્ઞ બિસ્માર્ક પણ આ અવગુણને લીધે જ આનન્દ મેળવી શકયો નહોતો.

અહીંઆ પ્રશ્ન ઉપસ્થિત થશે કે આનન્દ મેળવવા માટે કયી વસ્તુઓ જરૂરી છે ? તેના ઉત્તરમાં એટલું જ જણાવવાનું કે પહેલાં તો એ આવશ્યક છે કે આનન્દાભિલાષી મનુષ્યોએ પોતાના જીવનનું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધ્ય ઉચ્ચ બનાવવું જોઇએ અને કેવળ નિઃસ્વાર્થ વૃત્તિથી લોકસેવા તથા પરોપકાર નિમિત્તે જીવન અર્પણ કરી દેવું જોઇએ. મનુષ્ય જીવન એવી વસ્તુ નથી કે જે ઇચ્છામાં આવે તેમ વ્યતીત કરી શકાય, પરંતુ તે એવી વસ્તુ છે કે જેમાં પોતાનો અભીષ્ટ ઉદ્દેશ સાધી શકાય-તેથી જ તે જેમ તેમ કરીને પૂર્ણ કરી દેવાનું નથી, પરંતુ એમ સમજવું જોઇએ કે સ્વપરનું શ્રેય સાધવા માટે આ મનુષ્ય-જીવન એક અમૂલ્ય પ્રસંગ છે અને મનુષ્યદેહ એક મહામૂલું સાધન છે અને તેથી આ હાથ આવેલા સુપ્રસંગને જવા દેવો જોઇએ નહિં. ચિંતામણીરત્ન સમાન આ મનુષ્ય જન્મ અત્યંત કઠિનતાથી મળે છે, અને જો તે વ્યર્થ જશે તો ચિંતામણીરત્ન પામી તેને સમુદ્રમાં ફેંકી દીધા જેવું થશે. આ મનુષ્યજીવનનો ઉદ્દેશ કેવળ દ્રવ્ય સંચય કરવાનો નથી. જે મનુષ્યમાં સ્વાર્થની ગંધ નથી, જેના હૃદયમાં પ્રેમ અથવા અનુરાગનો પ્રવાહ અસ્ખલિત વહે છે, જે અન્ય મનુષ્યોને સહાયભૂત થવાને તેમને તેઓની વિટંબના યા કે વિપત્તિઓ દૂર કરવા માટે સદાસર્વદા તનમનથી કટિબદ્ધ રહે છે અને જે અન્યના સુખની ખાતર પોતાના સુખ અથવા આનન્દનો ભોગ પામી શકે છે તે જ મનુષ્ય આનન્દના ખરેખરા માર્ગ પર છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી. આનન્દના માર્ગ પર વિચરનાર મુસાફર હમેશાં ઉદ્યોગી, ઉત્સાહી અને સાહસિક હોય છે અને પોતાના જીવનના ઉદ્દેશ અનુસાર હમેશાં નિર્ભયપણે સ્વીકૃત કાર્યમાં મગ્ન રહે છે.

આનન્દ મેળવવા માટે માનસિક એકાગ્રતાની પણ અત્યંત અગત્ય છે. એનાથી જીવન સાદું તેમજ સારગર્ભિત બને છે. જે જે નકામી બાબતો હોય છે તે સર્વ દૂર થાય છે. શારીરિક, માનસિક અને નૈતિક શક્તિનો હ્રાસ કરનાર ચિંતા, ભય અને પશ્ચાત્તાપને હૃદયમાંથી કાઢી નાખવા જોઇએ. તમારા જીવનનો ઉચ્ચ ઉદ્દેશ નક્કી કરો, જેથી સર્વ શક્તિઓ એકત્રિત બની જાય અને મન એટલું બધું મગ્ન થઈ જાય કે દુઃખનો અંશ પણ ન રહે. આથી મનને એકાગ્ર કરવામાં ઘણી સહાય મળશે. યુદ્ધમાં વીર યોદ્ધાઓ પોતાના કાર્યમાં એટલા બધા તન્મય બની જાય છે કે પોતાનાં શરીર પર પડતા ઘાનું તેઓને ભાન રહેતું નથી. આ પ્રમાણે મનુષ્યો પોતાનાં જીવનનો કોઇ ઉચ્ચ ઉદ્દેશ બનાવીને તેમાં એટલા બધા તન્મય થઇ શકે છે કે તેના પર નાના અથવા મોટા દુઃખની લેશ પણ અસર થઇ શકતી નથી. અને નિકૃષ્ટ કોટિનું જીવન પણ માનસિક એકાગ્રતાથી સ્વચ્છ, ઉદાત્ત અને પવિત્ર બની જાય છે. કોઈના પર વૈર લેવાના અથવા કૂટનીતિથી વર્તવાના વિચારને અવકાશ જ નથી રહેતો. આ ગુણથી મનુષ્ય શાંતિ મેળવી શકે છે અને વાસ્તવિક આનન્દનું રહસ્ય સમજવા લાગે છે.

આનન્દ મેળવવા માટે એક બીજા ગુણની પણ આવશ્યકતા છે. તે એ છે કે-જો આપણને કોઇ ખરાબ ટેવ પડી ગઇ હોય. તો એના પર આપણે વિજય મેળવવો જોઇએ. સંસારમાં લક્ષ્મી અથવા માયા મનુષ્યને અતિશય મુગ્ધ કરી મૂકે છે. બીજા લોકોને જોઇને મનમાં ચિત્રવિચિત્ર ભાવ ઉત્પન્ન થાય છે- જો મનુષ્ય જુએ છે કે જગતમાં સત્યનિષ્ઠ માણસો દુઃખી અને નિર્ધન અવસ્થા ભોગવી રહ્યા છે અને અસત્યવાદી, કપટી ધૂર્ત લોકો આનન્દ-કલ્લોલ કરી રહ્યા છે તો તેનાં મનમાં તરેહતરેહના વિચિત્ર ભાવો પ્રકટ થાય છે. આ સમય તેની પરીક્ષાનો છે-કસોટીનો છે. જો તે વખતે તેનું અધઃપતન થાય છે તો તે સદાને માટે તે જ સ્થિતિમાં રહે છે અને તેમાંથી તેનો કદિ ઉદ્ધાર થઇ શકે એ આશા પણ વ્યર્થ છે; પરંતુ એ સમયે બાહ્ય લાભની કશી પરવા કર્યા વગર સત્યને સત્યની ખાતર જ ગ્રહણ કરવું જોઇએ અને એના ઉપર દૃઢ વિશ્વાસ રાખવાથી આનન્દનો માર્ગ સુલભ થાય છે. '**शठं प्रति शाठ्यं**' એ કહેવતને માનનાર ઘણા મનુષ્યો જોવામાં આવે છે, પરંતુ એનું નામ આત્મ નિર્બલતા છે. આખા જગતને વશ કરવાનાં કાર્યમાં તમે ઉદ્યુક્ત થાઓ તે પહેલાં તમારે તમારી જાતને વશ કરવાની અનિવાર્ય અગત્ય છે. ઇન્દ્રિયો પર વિજય મેળવનારને અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાની ઇચ્છાઓનો નિરોધ કરનારને જ ખરેખરો વિજયી ગણવામાં આવે છે. પ્રવાહની સાથે તો નિર્બળ પણ વહી જાય છે, એમાં મુશ્કેલ છે જ નહિં, પરંતુ પ્રવાહની વિરુદ્ધ દિશામાં ચાલવામાં જ બળની આવશ્યકતા છે. સંસારની ઉપાધિઓથી મનુષ્ય તંગ બની જાય છે. સર્વત્ર લોકોમાં પરસ્પર ઇર્ષ્યા અને દ્વેષ જોવાથી મનમાં દયાની લાગણી ઉત્પન્ન થાય છે. એવી બાબતોમાં તમારું જીવન વહન ન કરો. એ સર્વથી તમારી જાતને ઉચ્ચ બનાવી એવી અવસ્થા મેળવો કે જેમાં એ બાબતોની કિંચિત્ પણ સત્તા ન ચાલે, અને તેનું નામ જ વિજય છે. મનુષ્યે ખરો વિજય તો ત્યારે જ મેળવ્યો કહેવાય કે જ્યારે તેને ધન, સંપત્તિ, કીર્તિ તથા સફલતાની ઇચ્છાનુસાર પ્રાપ્તિ થતી હોય, ત્યારે જો તે સર્વ અન્યાય, અનીતિ અથવા કપટથી મેળવાતું હોય તો તેને તિલાંજલી આપવામાં તે એક ક્ષણનો પણ વિલંબ ન કરે, પૈસાને તૃણસમાન સમજે, લોભવૃત્તિને પોતાની પાસે આવવા ન દે, પોતાના સિદ્ધાંતોને મજબૂત રીતે વળગી રહે, અને સત્ય માર્ગથી જરા પણ ચલિત ન થાય. આનું નામ જ વિજય છે અને આ વસ્તુ જ માણસને વાસ્તવિક આનન્દની નજીક લઇ જાય છે.

આ ઉપરાંત વિવેકશક્તિ પણ આનન્દપ્રાપ્તિમાં સહાય કરનારી છે. કોઇ પણ મનુષ્ય કોઇ અનુચિત કાર્ય કરવા તત્પર બને છે ત્યારે તેનું હૃદય કંપે છે, તેનો અંતરાત્મા તેને કામ કરતાં અટકાવે છે. આવાં કાર્યો કદાપિ ન કરવા જોઇએ. જ્યારે મનુષ્યમાં પોતાના અંતરાત્માના આદેશ અનુસાર કોઇ જાતની યુક્તિનો પ્રયોગ કર્યા વગર કોઇ પણ કાર્ય કરવાની શક્તિ આવે છે ત્યારે તેને તેનાથી વાસ્તવિક આનન્દનો અનુભવ થવા લાગે છે. જે મનુષ્યમાં ઉપર્યુક્ત ગુણ હોય છે તે જ પોતાના અંતરાત્મા પર વિશ્વાસ રાખી શકે છે. તેનો અંતરાત્મા હમેશાં તેને સન્માર્ગે જ લઇ જશે. ઉપરાંત સંસારમાં તેને કોઇનાથી પણ બ્હીવાની જરૂર રહેશે નહિ. દરેક કાર્યમાં તેનો અંતરાત્મા જ તેનો માર્ગદર્શક બનશે.

ઇચ્છાઓ મનુષ્યને દુઃખની નજીક લઇ જનારી છે. જ્યારે મનુષ્યને કોઇ વસ્તુ મેળવવાની ઇચ્છા થાય છે ત્યારે અમુક સમય સુધી તે આનન્દથી વંચિત રહે છે. ઇચ્છાઓ પણ બે પ્રકારની છે, એક લેવાની ઇચ્છા અને બીજી આપવાની ઇચ્છા. પહેલી ઇચ્છામાં આનન્દનો અભાવ છે, પરંતુ બીજા પ્રકારની ઇચ્છામાં તેનો સદ્ભાવ છે. જ્યારે મનુષ્ય આનન્દમય અવસ્થાએ પહોંચે છે ત્યારે ત્યાં દુઃખનો અંશ પણ રહેતો નથી. જે બાબતોથી પહેલાં તેને દુઃખ થતું હતું અથવા ક્રોધ થતો હતો તેનાથી જ તેને પ્રેમ અને સહાનુભૂતિ ઉપજવા લાગે છે. જો આપણે વાસ્તવિક આનન્દનો અનુભવ કરવા ઇચ્છતા હોઇએ તો આપણે બીજાઓને આનન્દિત બનાવવા, તેઓને દુઃખથી બચાવવા, અને તેઓનાં હૃદયને પ્રફુલ્લિત બનાવવા અવિરત યત્નો આદરવા જોઇએ. આમ કરવાથી વાસ્તવિક આનન્દનું રૂપ સ્વયમેવ પ્રકટ થવા લાગશે. જે મનુષ્ય કોઇપણ માણસનાં હૃદયને પ્રસન્ન કરવાના સુયોગની શોધમાં રાતદિવસ રહે છે તે સંસારનું જેટલું ભલું સાધી શકે છે તેટલું જગતના મોટામાં મોટા વીરપુરુષો પોતાનાં વીરતાભર્યા કાર્યોથી સાધી શકતા નથી.

જો આપણે વાસ્તવિક આનન્દની અભિલાષા રાખતા હોઇએ તો આપણે નવીન ઉત્સાહ અને નવીન શક્તિથી અન્ય માણસોને આનન્દિત બનાવવા સતત વિચાર અને પ્રયાસ કરવા જોઇએ, પરહિત સાધવાની શક્તિને બલવત્તર બનાવવી જોઇએ અને આપણા પોતાના વિશિષ્ટ ઉદ્દેશથી ચલિત થવું જોઇએ નહિ. જો આ ઉદ્દેશ અનુસાર દેશના ભિન્ન ભિન્ન સમાજો અને મંડળો કાર્ય કરવા લાગે અને સ્વાર્થવૃત્તિનો ત્યાગ કરી દયા અને સ્નેહભર્યા કાર્યોથી સંસારને અનેક રીતે લાભકારક નીવડે તો દરેક ગૃહમાં આનન્દવાદ્ય વાગવા લાગશે, સર્વત્ર આનન્દ મંગળ પ્રવર્તી રહેશે અને સર્વ લોકો વાસ્તવિક આનન્દ મેળવવાના માર્ગ પર વિહરવા લાગશે. આવા શુભ સમયનું આગમન સત્વર થાઓ એ શુભેચ્છા સહિત અત્ર વિરમવામાં આવે છે. ઇતિ શમ્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર

## મુનિવર્યશ્રી ભુવનવિજયજી મહારાજનો વિહાર

ભાવનગર વડવાના ઉપાશ્રયે ચાતુર્માસ રહેલ મુનિવર્યશ્રી ભુવનવિજયજી તથા મુનિવર્યશ્રી જંબુવિજયજી મહારાજના ઉપદેશથી વિધવિધ શુભ કાર્યો થયા, તથા મુનિશ્રી જંબુવિજયજી મહારાજની આધ્યાત્મિક ભાષણશ્રેણિનો જાહેર જનતાએ સારો લાભ લીધો. બાદ પોષ શુદ ૧૫ ના વડવાના ઉપાશ્રયેથી વિહાર કરી બુધેલ મુકામે પધારતા ત્યાં શ્રી જૈન આત્માનંદ સભા તરફથી ચા—નાસ્તો અને સ્વામિવાત્સલ્યની વ્યવસ્થા રાખી યોગ્ય ગુરુભક્તિ કરી હતી. આ પ્રસંગે સભાના પેટ્રનો શ્રીયુત ભોગીલાલ મગનલાલ મહાલક્ષ્મી મીલવાળા, શ્રી ખાન્તિલાલ અમરચંદ વોરા આદિ તથા સભાના પ્રમુખશ્રી, ઉપપ્રમુખ, સેક્રેટરીઓ તથા સભ્યો ખાસ આવ્યા હતા, તેમજ ભાવનગરના ગૃહસ્થોની હાજરી સારા પ્રમાણમાં હતી. સ્વામિવાત્સલ્યમાં સ્થાનિક વણિક બન્ધુઓ વગેરેને ખાસ આમંત્રણ આપવામાં આવેલ. સ્વામિવાત્સલ્ય આદિની વ્યવસ્થા વડવા જૈન સમુદાયે ઉત્સાહપૂર્વક ઉપાડી લીધી હતી.

સ્વામિવાત્સલ્ય બાદ સભાના સભ્યો પૂ. મુનિવર્ય પાસે સભાના સંચાલન અંગે થોડો વિચાર—વિનિમય કરવા બેઠા હતા. પૂ. ભુવનવિજયજી મહારાજ તથા પૂ. જંબુવિજયજી મહારાજે સભા તરફથી પ્રગટ થનાર નયચક્રસાર તથા આજના યુગને અનુસરી યોગ્ય સાહિત્ય પ્રગટ કરવા તેમ જ તેનો સસ્તી કિંમતે છૂટથી પ્રચાર કરવા માટે યોગ્ય સૂચનો કર્યા હતા.

## માળારોપણ અને આચાર્યપદવી.

પુનાખાતે ચાતુર્માસ બિરાજતા સ્વ. આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીના પટ્ટધર શિષ્ય સ્વ. આચાર્યશ્રી વિજયલલિતસૂરીશ્વરજીના પટ્ટધર શિષ્ય ઉપાધ્યાયશ્રી પૂર્ણાનંદવિજયજી મ. ની નિશ્રામાં ઉપધાન તપનું આરાધન વેતાલ પેઠમાં શેઠ હીરાચંદ ગુલાબચંદ, હિંમતમલ પરમાર, શ્રી નગરાજજી મગનીરામજી સંકલેચા, શ્રી નાનચંદ હિંદુજી પરમાર તથા શ્રી પોપટલાલ કેશવલાલ પુનાવાળા તરફથી થયેલ તેમજ બીજા ધર્મકાર્યો પણ સારા થયા હતા. ઉપધાનમાં ૩૮૧ તપસ્વીઓ જોડાયા હતા. તપસ્વીઓનો માળારોપણ મહોત્સવ પોસ સુદ ૬ ના ધામધુમપૂર્વક કરવામાં આવતા પહેલી માળ રૂ. ૫૬૦૦ ની બોલીથી પહેરાવાઇ હતી. એકંદર માળની ઉપજ લગભગ ૨૮ હજારની થઇ હતી. આ અંગે બાર દિવસનો મહોત્સવ કરવામાં આવેલ. પૂજા ભાવનામાં શેઠ ફુલચંદભાઇ વલાદવાળા તથા સંગીતકાર રસિકલાલભાઇએ પણ સારો રસ જમાવ્યો હતો. શાન્તિસ્નાત્ર પ્રસંગે જનતાની હાજરી સારા પ્રમાણમાં હતી. માળારોપણ દિવસે શેઠ ગુલાબચંદ પરમાર ને શ્રી નગરાજજી મગનીરામજી સંકલેચા તરફથી શાંતિસ્નાત્ર ભણાવી શ્રીફળની પ્રભાવના કરી, તદુપરાંત નવકારશીનું જમણ થતાં લગભગ પંદર હજાર ભાઇ બહેનોએ લાભ લીધો હતો.

આ માળારોપણ મહોત્સવ પ્રસંગે પુના શ્રીસંઘ તરફથી ઉપાધ્યાયશ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ સાહેબને આચાર્યપદવી આગ્રહપૂર્વક આપવામાં આવતાં પ્રથમ કામળી રૂ. ૧૩૫૧) ની બોલીથી મુંબઇવાળા શેઠ કુંદનમલજી તારાચંદજી બાલીવાળાએ વહોરાવી હતી તેમજ આ પ્રસંગે શ્રીફળની પ્રભાવના કરી ઠીક લાભ લીધો હતો.

ઉપધાનના તપસ્વીઓને જુદી જુદી લગભગ ૮૧ પ્રભાવનાઓ થઇ હતી જેમાં શેઠ ગુલાબચંદજી ને નગરાજજી તરફથી સોનેરી શ્રી સિદ્ધચક્રજીની ડબી ભેટ અપાઇ હતી. આ પ્રસંગે મારવાડ, મેવાડ, મુંબઇ, અમદાવાદ, પંજાબ, મહારાષ્ટ્ર વિગેરેથી લગભગ પાંચ હજાર ભાઇ બ્હેનો આવ્યા હતા, જેમની સગવડ ઉપધાનની સેવાસમિતિ તરફથી સારી રીતે કરવામાં આવી હતી સાથોસાથ સ્વયંસેવકો તથા વનિતામંડળે દરેક કાર્યોમાં વ્યવસ્થા સારી જાળવી હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

# મૌલિક સિદ્ધાંતોનું સરસ નિરૂપણ

**અનેકાંતવાદ—અંગ્રેજીમાં લેખક શ્રી હરિસત્ય ભટ્ટાચાર્ય. ગુજરાતીમાં અનુવાદક પ્રો. જયંતીલાલ ભાઇશંકર દવે.**

આ પુસ્તકમાં સ્યાદ્‌વાદનું નિરૂપણ બહુ સુંદર રીતે થયું છે અને તેના દેશપરદેશના વિદ્વાનોએ મુક્તકંઠે વખાણ કર્યા છે. નીચે મુનિમહારાજશ્રી જંબુવિજયજી ઉપર જાપાનીઝ ડૉ. સાસાકીએ લખેલા પત્રમાંથી એક ઉતારો આપવામાં આવ્યો છે.

I am very much grateful to your generosity of sending copies of Anekantavada and Arhat Dharma, which I have read through and am very much pleased to find the skilfulness in writing the fundamental principle and the applied theory in a good harmony.

'અનેકાંતવાદ' અને 'આર્હત ધર્મ'ની નકલો મોકલવાની આપે દર્શાવેલી ઉદારતા માટે હું આપનો ખૂબ જ આભારી છું. તે બન્ને પુસ્તકો હું સાદ્યંત વાંચી ગયો છું અને મૌલિક સિદ્ધાંતોનું સરસરીતે નિરૂપણ કરેલ છે તે લેખકની કુશળતા જોઇને હું ખૂબ પ્રસન્ન થયો છું.

કિંમત–અંગ્રેજીમાં રૂા. ૨–૦–૦ ગુજરાતીમાં રૂા. ૧–૦–૦

**આ અમૂલ્ય ગ્રંથ આપે ન વસાવ્યો હોય તો તરત વસાવી લ્યો અને જૈન સિદ્ધાંતના પ્રચાર ખાતર આપ આ ગ્રંથની જૈનેતર વિદ્વાનો અને સાર્વજનિક લાયબ્રેરી વગેરેમાં લ્હાણી પણ કરી શકો છો.**

મુદ્રક: શાહ ગુલાબચંદ લલ્લુભાઇ–શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ ભાવનગર.

For Private And Personal Use Only